dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નુ સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ


SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-198 | AD-2026, Vaishakh Sud -09 | Saturday, Dt.25-04-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### આમ આદમી પાર્ટીનું રાજ્યસભામાં ૧૦ સાંસદોનું સંખ્યાબળ હતુ, હવે માત્ર ત્રણ બચ્યા

# 'આપ'માં મોટુ ભંગાણ : રાઘવ ચઢ્ઢા સહિત ૭ સાંસદો ભાજપમાં જોડાયા

નવી દિલ્હી, તા. ૨૪

ભારતીય રાજનીતિમાં ૨૪ એપ્રિલના રોજ એક મોટો ઉલટફેર જોવા મળ્યો હતો જેમાં આમ આદમી પાર્ટીના રાઘવ ચઢ્ઢા સહિત કુલ સાત સાંસદોએ પક્ષમાંથી રાજીનામું આપીને ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કર્યો હતો. રાજ્યસભાના સાંસદ રાઘવ ચઢ્ઢા, અશોક મિત્તલ અને સંદીપ પાઠકે એક સંયુક્ત પ્રેસ કોન્ફરન્સ યોજીને ભાજપમાં જોડાવાની જાહેરાત કરી હતી. ત્યારબાદ શુક્રવારે સાંજે નવી દિલ્હી સ્થિત ભાજપના મુખ્યાલય ખાતે આ તમામ નેતાઓ પહોંચ્યા હતા જ્યાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નબીન દ્વારા તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નીતિન નબીને રાઘવ ચઢ્ઢાને મીઠાઈ ખવડાવી પક્ષમાં આવકાર્યા હતા અને સામા પક્ષે ચઢ્ઢાએ પુષ્પ ગુચ્છ અર્પણ કરીને આભાર વ્યક્ત કર્યો હતો. આ સત્તાવાર જોડાણ સાથે જ આમ આદમી પાર્ટી માટે ઉભી થયેલી રાજકીય કટોકટી હવે વધુ ઘેરી બની છે અને ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.રાઘવ ચઢ્ઢા અને અન્ય છ સાંસદોએ પક્ષ છોડ્યો હોવા છતાં તેમની રાજ્યસભાની સદસ્યતા પર કોઈ આંચ નહીં આવે તેનું મુખ્ય કારણ ભારતીય બંધારણની ૧૦મી અનુસૂચિમાં રહેલી જોગવાઈ છે. પક્ષાંતર વિરોધી ધારા મુજબ જો કોઈ પણ રાજકીય પક્ષના કુલ ચૂંટાયેલા સભ્યોમાંથી બે-તૃતીયાંશ અથવા



તેનાથી વધુ સભ્યો એકસાથે પક્ષ છોડીને અન્ય પક્ષમાં ભળે તો તેને પક્ષાંતરને બદલે વિલય તરીકે ઓળખવામાં આવે છે. આમ આદમી પાર્ટી પાસે રાજ્યસભામાં કુલ ૧૦ સાંસદોનું સંખ્યાબળ હતું જેમાંથી ૭ સાંસદોએ સાગમટે પક્ષ છોડવાનો નિર્ણય લેતા આ આંકડો કાયદાકીય મર્યાદા કરતા વધારે સાબિત થાય છે. આ વિભાજનને કારણે પક્ષ છોડનારા તમામ સાતેય સાંસદોની સભ્યતા સુરક્ષિત રહી છે. આ જૂથમાં સંદીપ પાઠક, સ્વાતિ માલિવાલ, હરભજન સિંહ, અશોક મિત્તલ અને વિક્રમજીત સાહની જેવા દિગ્ગજ નેતાઓનો સમાવેશ થાય છે જે હવે ભાજપના પક્ષમાં બેસશે.આ મોટા પક્ષાંતરને કારણે રાજ્યસભામાં સત્તાધારી પક્ષ ભાજપની શક્તિમાં નોંધપાત્ર વધારો થયો છે. સાત નવા સાંસદોના ઉમેરા સાથે ભાજપનું વ્યક્તિગત સંખ્યાબળ વધીને ૧૧૩ થઈ ગયું છે જ્યારે એનડીએ ગઠબંધનનો આંકડો ૧૩૬ સુધી પહોંચી ગયો છે. આ મજબૂત સંખ્યાબળને કારણે હવે કેન્દ્ર સરકાર માટે જટિલ અને મહત્વના ખરડાઓ ઉચ્ચ ગૃહમાં પસાર કરાવવા અગાઉની સરખામણીએ વધુ સરળ બની જશે. બીજી તરફ આ ઘટનાક્રમને લઈને આમ આદમી પાર્ટીમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. પક્ષના વરિષ્ઠ નેતા સંજય સિંહે દિલ્હીમાં મીડિયા સાથેની વાતચીતમાં ભાજપ પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર 'ઓપરેશન લોટસ' દ્વારા લોકતાંત્રિક રીતે ચૂંટાયેલી સરકારોને તોડવાનું કામ કરી રહી છે. તેમણે વધુમાં આરોપ લગાવ્યો હતો કે આ પંજાબની સરકારને અસ્થિર કરવાનું એક સુનિયોજિત ષડયંત્ર છે જેના દ્વારા જનહિતના કાર્યોને રોકવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. આમ આ રાજકીય હિલચાલને કારણે આગામી સમયમાં પંજાબ અને દિલ્હીના રાજકારણમાં મોટા ફેરફારો આવવાની શક્યતા નકારી શકાતી નથી.

## મણિપુરમાં બાળકોના મોત બાદ મહિલાઓના રસ્તા પર ઉતરી ધરણા

ઈમ્ફાલ,તા.૨૪

મણિપુરમાં છેલ્લા કેટલાક સમયથી પરિસ્થિતિ અત્યંત ગંભીર બની રહી છે. ખાસ કરીને ૭ એપ્રિલના રોજ થયેલા રોકેટ હુમલામાં બે નિર્દોષ બાળકોના કરૂણ મોત અને ત્યારબાદના પ્રદર્શનોમાં અન્ય ત્રણ વ્યક્તિઓના જીવ જવાથી સમગ્ર રાજ્યમાં આક્રોશની જ્વાળા ફાટી નીકળી છે. આ હિંસક ઘટનાઓને પગલે ૧૮ એપ્રિલથી રાજ્યમાં સંપૂર્ણ બંધનું એલાન આપવામાં આવ્યું છે જેના કારણે સામાન્ય જનજીવન સંપૂર્ણપણે ઠપ થઈ ગયું છે. લોકોના રોજીંદા



કામકાજ પર તેની માઠી અસર પડી રહી છે અને આર્થિક વ્યવહારો પણ અટકી પડ્યા છે.આ અશાંતિ અને ભયના માહોલ વચ્ચે મણિપુરની પરંપરાગત મહિલા શક્તિ 'મેઈરા પાઈબી' મેદાનમાં ઉતરી છે. હજારોની સંખ્યામાં આ મહિલાઓ રસ્તાઓ પર ઉતરીને માત્ર દેખાવો જ નથી કરી રહી પરંતુ સમગ્ર સામાજિક સ્તરને એકજૂથ કરી રહી છે. આ પ્રદર્શનકારી મહિલાઓ દિવસના ભાગમાં રસ્તાઓ રોકીને ધરણા કરે છે જેનાથી પોલીસ અને વહીવટીતંત્રની અવરજવર પણ મર્યાદિત બની ગઈ છે. રાત્રિના સમયે આ મહિલાઓ હાથમાં મશાલ લઈને પોતાના વિસ્તારોની ચોકીદારી કરી રહી છે જે તેમની અતૂટ હિંમતનું પ્રતીક છે. આ આંદોલનમાં જોડાયેલી મહિલાઓ માટે ઘર, આજીવિકા અને દેશપ્રેમ વચ્ચે સંતુલન જાળવવું એ એક મોટી કસોટી સમાન છે. આર્થિક ભીંસના કારણે 'ઈમા માર્કેટ'ની કેટલીક મહિલાઓ દુકાનો ખોલવા મજબૂર બની છે, પરંતુ તેઓ સ્પષ્ટપણે જણાવે છે કે આ તેમનો આંદોલન પ્રત્યેનો વિરોધ નથી પણ જીવન ટકાવી રાખવાની મજબૂરી છે. કામ પતાવ્યા બાદ તેઓ ફરીથી લડતમાં જોડાઈ જાય છે. હવે 'કોઓર્ડિનેટિંગ કમિટી ઓન મણિપુર ઈન્ટિગ્રિટી' દ્વારા ૨૫ એપ્રિલે મોટા પાયે આંદોલનની જાહેરાત કરવામાં આવી છે, જે રાજ્યમાં આવનારા દિવસોમાં સંઘર્ષ વધુ તીવ્ર બનવાના સંકેત આપે છે.

## પશ્ચિમ બંગાળની ચૂંટણીમાં રોકાયેલા ૬૫ અધિકારીઓના નામ રદ થતા મતદાનથી વંચિત

કોલકાત્તા,તા.૨૪

પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીના સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન દરમિયાન અનેક લોકોના નામ યાદીમાંથી બાકાત કરી દેવામાં આવ્યા છે જે અત્યંત ગંભીર બાબત છે. સુપ્રીમ કોર્ટે શુક્રવારે આ મામલે દાખલ થયેલી અરજી પર સુનાવણી કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો છે જે એક મહત્વનો વળાંક ગણી શકાય. આ યાદીમાંથી જેમના નામ હટાવવામાં આવ્યા છે તેમાં ચૂંટણી ડ્યુટી પર તૈનાત અંદાજે ૬૫ જેટલા સરકારી અધિકારીઓનો પણ સમાવેશ થાય છે જે ખરેખર




આશ્ચર્યજનક છે. ભારતના ચીફ જસ્ટિસ સૂર્યકાંત તેમજ જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વિપુલ પંચોલીની ખંડપીઠે આ મામલે કાયદાકીય મર્યાદાઓને ધ્યાનમાં રાખીને પોતાનો ચુકાદો સંભળાવ્યો છે. વરિષ્ઠ એડવોકેટ એમ.આર. શમશાદે કોર્ટમાં દલીલ કરી હતી કે આ અધિકારીઓના ચૂંટણી ડ્યુટી ઓર્ડરમાં તેમના મતદાર ઓળખપત્ર નંબર સ્પષ્ટપણે હોવા છતાં કોઈ પણ નક્કર કારણ વિના તેમના નામ મનસ્વી રીતે કાઢી નાખવામાં આવ્યા છે. અદાલતે આ બાબતે અવલોકન કરતા જણાવ્યું કે અરજદારોએ સીધા સુપ્રીમ કોર્ટમાં આવવાને બદલે નિર્ધારિત અપીલીય ટ્રિબ્યુનલનો સંપર્ક કરવો જોઈએ. ચીફ જસ્ટિસે નિર્દેશ આપ્યો હતો કે ટ્રિબ્યુનલ જ આ પ્રકારની ફરિયાદોની યોગ્ય તપાસ કરવા માટે સક્ષમ છે. જોકે ન્યાયમૂર્તિ બાગચીએ સ્વીકાર્યું હતું કે અપીલ પ્રક્રિયા લાંબી હોવાથી કદાચ આ લોકો ચાલુ વિધાનસભા ચૂંટણીમાં મતદાન કરવાની તક ગુમાવી શકે છે પરંતુ લોકશાહીમાં મતદાર યાદીમાં નામ જાળવી રાખવાનો અધિકાર વધુ મૂલ્યવાન છે અને તે ભવિષ્ય માટે સુરક્ષિત રહેવો જોઈએ. આમ અદાલતે તાત્કાલિક રાહત આપવાને બદલે બંધારણીય પ્રક્રિયાને અનુસરવા પર ભાર મૂક્યો છે જેથી કરીને લાંબા ગાળે મતદારોના મૂળભૂત અધિકારોનું રક્ષણ થઈ શકે અને યાદીમાં નામ પુનઃસ્થાપિત કરવાની ન્યાયિક પ્રક્રિયા આગળ વધી શકે.

### ભારતીય વિદેશ મંત્રાલયે અત્યંત કડક શબ્દોમાં વિરોધ નોંધાવ્યો

## ભારતને નરકના દરવાજા તરીકે સંબોધનાર ટ્રમ્પને ઈરાનનો સણસણતો જવાબ

નવી દિલ્હી,તા.૨૪

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ભારત અને ચીન જેવા દેશોને ''નરકના દરવાજા'' તરીકે સંબોધતી સોશિયલ મીડિયા પોસ્ટને કારણે વૈશ્વિક સ્તરે મોટો રાજદ્વારી વિવાદ સર્જાયો છે. ટ્રમ્પે કટ્ટરપંથી લેખક માઈકલ સેવેજના એક જૂના વીડિયોનો ટેક્સ્ટ શેર કર્યો હતો, જેમાં અમેરિકાના જન્મજાત નાગરિકતા કાયદાઓની ટીકા કરતા ભારત અને ચીન પ્રત્યે અત્યંત વાંધાજનક




શબ્દોનો પ્રયોગ કરવામાં આવ્યો હતો. આ પ્રકારની જાતિવાદી અને અપમાનજનક ટિપ્પણીએ ભારતની ગરિમાને ઠેસ પહોંચાડી છે, જેના પરિણામે ભારતીય વિદેશ મંત્રાલયે અત્યંત કડક શબ્દોમાં વિરોધ નોંધાવ્યો છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે આ નિવેદનને અજ્ઞાનતાપૂર્ણ અને અયોગ્ય ગણાવતા સ્પષ્ટ કર્યું કે આવી ટિપ્પણીઓ ભારત-અમેરિકાના મજબૂત અને પરસ્પર આદરયુક્ત સંબંધોની વાસ્તવિકતાને જરાય પ્રતિબિંબિત કરતી નથી.ભારતના વિરોધ બાદ આ વિવાદમાં ઈરાને પણ ઝંપલાવ્યું છે. મુંબઈ સ્થિત ઈરાની કોન્સ્યુલેટ જનરલે મહારાષ્ટ્રના ભવ્ય સાંસ્કૃતિક વારસાનો એક વીડિયો શેર કરીને ટ્રમ્પને આયનો બતાવ્યો હતો. ઈરાની કોન્સ્યુલેટે કટાક્ષમાં લખ્યું કે ટ્રમ્પને 'સાંસ્કૃતિક ડિટોક્સ'ની જરૂર છે જેથી તેમની પાયાવિહોણી અને વાંધાજનક નિવેદનબાજી ઓછી થઈ શકે. તેમણે ટ્રમ્પને ભારતની મુલાકાત લઈને અહીંની સંસ્કૃતિ અને સમૃધ્ધિ જોવાની સલાહ આપી હતી. બીજી તરફ, મામલો ગરમાતો જોઈ ભારતમાં અમેરિકી એમ્બેસીએ પરિસ્થિતિ સુધારવાનો પ્રયાસ કર્યો હતો. એમ્બેસીએ નિવેદન જારી કર્યું કે ટ્રમ્પ ભારતને એક મહાન દેશ માને છે અને વડાપ્રધાન મોદી તેમના સારા મિત્ર છે. જોકે, આ સ્પષ્ટતા છતાં ભારતે પોતાની નારાજગી સ્પષ્ટ રાખી છે, કારણ કે ''નરકના દરવાજા'' જેવી ટિપ્પણી આંતરરાષ્ટ્રીય મંચ પર ભારતની છબી અને વર્ષોના ગાઢ સંબંધો માટે અત્યંત અપમાનજનક સાબિત થઈ છે.

## ચીન સાથે સરહદી વિવાદમાં કેન્દ્ર સરકાર આર્મી સાથે મક્કમથી ઉભી હતી : પૂર્વ આર્મી ચીફ નરવણે

નવી દિલ્હી,તા.૨૪

ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ એમ.એમ. નરવણેએ તાજેતરમાં સ્પષ્ટતા કરી છે કે ૨૦૨૦માં ચીન સાથેના સરહદી વિવાદ દરમિયાન કેન્દ્ર સરકાર તેમની સાથે મક્કમતાથી ઊભી હતી. તેમણે જણાવ્યું કે ગંભીર પરિસ્થિતિમાં સરકાર દ્વારા તેમને સંપૂર્ણ સ્વાયત્તતા આપવામાં આવી હતી, જેમાં જરૂર પડ્યે ચીની સૈનિકો પર ગોળીબાર



કરવાની છૂટનો પણ સમાવેશ થતો હતો. બીજી તરફ, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી નરવણેના અપ્રકાશિત સંસ્મરણો 'ફોર સ્ટાર્સ ઓફ ડેસ્ટિની' લઈને સંસદમાં પહોંચ્યા હતા. રાહુલે દાવો કર્યો હતો કે આ પુસ્તકમાં વડાપ્રધાને સૈન્ય પ્રમુખને 'જે યોગ્ય લાગે તે કરો' તેવી આપેલી સૂચનાનો ઉલ્લેખ છે. જોકે, સરકાર આ પુસ્તકના અસ્તિત્વ અથવા તેના વિષયવસ્તુ અંગે સાવધ છે. હવે જનરલ નરવણેનું નવું પુસ્તક 'ધ ક્યુરિયસ એન્ડ ધ ક્લાસિફાઈડ' આવવાનું છે, જે સૈન્ય રહસ્યો પર વધુ પ્રકાશ પાડશે.





## સાત માસનો ગર્ભ હોવા છતાં સગીરાને ગર્ભપાતની સુપ્રિમે આપી મંજૂરી

નવી દિલ્હી,તા.૨૪

સુપ્રીમ કોર્ટે ૧૫ વર્ષની સગીરાને સાત મહિનાનો ગર્ભ હોવા છતાં ગર્ભપાત કરાવવાની મંજૂરી આપીને એક અત્યંત મહત્વપૂર્ણ ચુકાદો સંભળાવ્યો છે. જસ્ટિસ બીવી નાગરત્ના અને જસ્ટિસ ઉજ્જવલ ભુઈયાંની બેન્ચે સ્પષ્ટ કર્યું કે ગર્ભપાતનો નિર્ણય લેતી વખતે બાળકના જન્મ કરતાં સ્ત્રીની ઈચ્છા અને તેની માનસિક સ્થિતિ વધુ મહત્વની છે. જો કોઈ સ્ત્રી બાળકને જન્મ આપવા તૈયાર ન હોય, તો તેને માતૃત્વ માટે મજબૂર



કરી શકાય નહીં. સોલિસિટર જનરલે તબીબી જોખમો અને દત્તક લેવાની દરખાસ્ત રજૂ કરી હતી, પરંતુ અદાલતે સગીરાના વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને તેના ભવિષ્યને પ્રાધાન્ય આપ્યું હતું. આ નિર્ણય ભારતીય કાયદાકીય ઈતિહાસમાં સ્ત્રીના પોતાના શરીર પરના અધિકારને મજબૂત રીતે પ્રસ્થાપિત કરે છે.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
શનિવાર, તા.૨૫-૦૪-૨૦૨૬

# આવતીકાલે અમરેલી જિલ્લામાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણી, તંત્ર સજ્જ

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાં લોકશાહીનું પર્વ ઉજવવા માટે વહીવટી તંત્ર સજ્જ થઈ ગયું છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર વિકલ્પ ભારદ્વાજના માર્ગદર્શન હેઠળ આગામી ૨૬ એપ્રિલ ૨૦૨૬ના રોજ જિલ્લા પંચાયત, ૧૧ તાલુકા પંચાયતો અને ૬ નગરપાલિકાઓ માટે સામાન્ય ચૂંટણીનું મતદાન યોજાશે. આ મતદાન પ્રક્રિયા સવારના ૭:૦૦ કલાકથી સાંજના ૬:૦૦ કલાક સુધી ચાલશે અને તેની મતગણતરી ૨૮ એપ્રિલના રોજ સવારે ૯:૦૦ કલાકથી શરૂ કરવામાં આવશે. જિલ્લા કલેક્ટરે પ્રેસ કોન્ફરન્સ દ્વારા આ અંગેની વિસ્તૃત માહિતી આપી હતી અને નાગરિકોને મહત્તમ મતદાન કરવા અપીલ કરી હતી. ચૂંટણીના ગણિત પર નજર કરીએ તો, ૧૧ તાલુકા પંચાયતની ૧૯૦ બેઠકોમાંથી ૪ બેઠકો બિનહરીફ જાહેર થઈ છે, જેમાં જાફરાબાદની ત્રણ અને બાબરાની એક બેઠકનો સમાવેશ થાય છે. બાકીની ૧૮૬ બેઠકો પર ૫૫૩ ઉમેદવારો મેદાનમાં છે. જિલ્લા પંચાયતની તમામ ૩૪ બેઠકો પર ૧૦૩ ઉમેદવારો નસીબ અજમાવી રહ્યા છે. નગરપાલિકાઓની વાત કરીએ તો ૬ નગરપાલિકાઓમાં




કુલ ૪૬૧ ઉમેદવારો વચ્ચે જંગ ખેલાશે, જેમાં ધારી નગરપાલિકાનો વોર્ડ નંબર ૩ સંપૂર્ણ બિનહરીફ થયો છે. આ ભવ્ય આયોજન માટે ૫,૦૦૦થી વધુ પોલિંગ સ્ટાફ અને ૨,૬૦૦થી વધુ પોલીસ કર્મીઓ તૈનાત કરવામાં આવ્યા છે.જિલ્લામાં મતદારોની સંખ્યા પણ નોંધપાત્ર છે. જિલ્લા પંચાયત માટે કુલ ૮,૬૪,૮૮૦ મતદારો નોંધાયેલા છે, જ્યારે નગરપાલિકા વિસ્તારોમાં ૨,૦૭,૮૮૧ મતદારો છે. વહીવટી તંત્ર દ્વારા ઈ.વી.એમ. મશીનોની પણ પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે, જેમાં અંદાજે ૨,૯૮૦ જેટલા બી.યુ. અને સી.યુ. મશીનોનો ઉપયોગ થશે, જેમાં ૧૦ ટકા રીઝર્વ મશીનોનો પણ સમાવેશ થાય છે. મતદારો રિયલ ટાઈમ ડેટા રાજ્ય ચૂંટણી આયોગના અધિકૃત પોર્ટલ પર જોઈ શકશે. ઉનાળાની કાળઝાળ ગરમીને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા વિશેષ સાવચેતી રાખવામાં આવી છે. મતદાન મથકો પર ઓ.આર.એસ. અને પ્રાથમિક સારવારની કિટ ઉપલબ્ધ રહેશે તેમજ ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સની સુવિધા પણ રાખવામાં આવી છે. વળી, સરકારી અને ખાનગી ક્ષેત્રમાં કામ કરતા કર્મચારીઓ મતદાન કરી શકે તે માટે ખાસ સવેતન રજા અથવા સમયની છૂટછાટ આપતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. અંતમાં, જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સંવેદનશીલ કેન્દ્રો પર ચુસ્ત બંદોબસ્તની ખાતરી આપી હતી.

# દામનગરમાં ધારાસભ્ય જનક તળાવિયાની જંગી જનસભા

અમરેલી,તા.૨૪

દામનગર શહેરમાં આજે ધારાસભ્ય જનક તળાવિયાની આગેવાનીમાં ભવ્ય જાહેરસભા યોજાઈ હતી જેમાં નગરપાલિકાના ભાજપના ઉમેદવારોને પ્રચંડ જનસમર્થન સાંપડ્યું હતું. સભાને સંબોધતા ધારાસભ્યએ જણાવ્યું હતું કે શહેરના સર્વાંગી વિકાસ



અને માળખાગત સુવિધાઓને વધુ મજબૂત બનાવવા માટે કમળના નિશાન પર બટન દબાવી ભાજપને વિજયી બનાવવું અનિવાર્ય છે. તેમણે છેલ્લા વર્ષોમાં રસ્તા ગટર પાણી અને આરોગ્ય ક્ષેત્રે થયેલા કામોનો ચિતાર આપી આગામી સમયમાં પણ પ્રજાલક્ષી સુવિધાઓ વધારવાની નેમ વ્યક્ત કરી હતી. આ તકે સ્થાનિક આગેવાનો અને મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા અને ભાજપના ઉમેદવારો પ્રત્યે પોતાનો વિશ્વાસ પ્રગટ કર્યો હતો.

# બાબરાના અમરાપરા ગામે ભાજપ ઉમેદવારના સમર્થનમાં સભા યોજાઈ

બાબરા,તા.૨૪

બાબરા તાલુકાના અમરાપરા ગામે તાલુકા પંચાયતની અમરાપરા અને વાંડલીયા સીટના ભાજપ ઉમેદવાર અસ્મિતાબેન અજીતભાઈ ખોખરીયાના સમર્થનમાં જંગી જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ સભામાં ગામ તથા આસપાસના



વિસ્તારો માથી મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહયા હતા જેના કારણે સમગ્ર વિસ્તારમાં ચુંટણી માહોલ ગરમાયો હતો. સભામાં જીલ્લા કિશાન મોરચાના પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા વિશેષ ઉપસ્થિત રહયા હતા તેમણે પોતાના સંબોધનમાં રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા ખેડુતો માટે અમલમાં મુકાયેલી વિવિધ યોજનાઓ અને ખેડૂતલક્ષી નીતીઓ વિશે વિગતવાર માહિતી આપી હતી.

# રાંઢીયામાં જળક્રાંતિ અંગે ગીરગંગા પરિવાર ટ્રસ્ટની બેઠક

અમરેલી,તા.૨૪

અમરેલીના રાંઢીયા ગામે ગીરગંગા પરિવાર ટ્રસ્ટ દ્વારા જળ જાગૃતિ બેઠક યોજાઈ હતી. જેમાં પ્રમુખ દિલીપભાઈ સખીયાએ 'ગામનું પાણી ગામે અને સીમનું પાણી સીમમાં' રોકવાનું આહવાન કર્યું હતું. તેમણે જણાવ્યું કે ખેતી અને પશુપાલન બચાવવા વરસાદી પાણીને જમીનમાં ઉતારવું અનિવાર્ય છે.



અરવિંદભાઈ ડોબરિયા અને સરપંચ અરવિંદભાઈ કાકડિયાની ઉપસ્થિતિમાં ગ્રામજનોએ બોર રિચાર્જ અને ખેત તલાવડી જેવા માધ્યમો દ્વારા જળક્રાંતિમાં સહભાગી થવાનો અને પાણીના તળ ઊંચા લાવવાનો મક્કમ નિર્ધાર વ્યક્ત કર્યો હતો.

# ગીર પૂર્વ વન વિભાગે મિતિયાળામાં શિકાર કરતા બે શખ્સોને ઝડપ્યા

ધારી,તા.૨૪

ધારી ગીર પૂર્વ વન વિભાગની સાવરકુંડલા રેન્જ દ્વારા વન્યજીવોના રક્ષણ માટે હાથ ધરાયેલા એક વિશેષ ઓપરેશનમાં મોટી સફળતા મળી છે. મિતિયાળા રાઉન્ડના નાનુડી બીટ હેઠળ આવતા દેતડ ગામના રેવન્યુ વિસ્તારમાં વન વિભાગની ટીમે વહેલી સવારે શંકાસ્પદ ટુ-વ્હીલરને અટકાવી તેની તલાશી લીધી હતી. તપાસ દરમિયાન વાહનમાંથી એક મૃત સસલું અને ત્રણ નંગ મેવટા મળી આવતા વનકર્મીઓ ચોંકી ઉઠ્યા હતા. આ મામલે વિજપડી ગામના વતની રમેશ નાનજીભાઈ પરમાર અને રમેશ શામજીભાઈ ગોઠડિયાની સ્થળ પર જ ધરપકડ કરવામાં આવી છે.ડી.સી.એફ. વિકાસ યાદવના માર્ગદર્શન હેઠળ વન્ય પ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ મુજબ ગુનો નોંધી આરોપીઓ પાસેથી રૂ. ૫૦,૦૦૦નો દંડ વસૂલવામાં આવ્યો છે અને શિકારમાં ઉપયોગમાં લેવાયેલું વાહન જપ્ત



કરવામાં આવ્યું છે. આર.એફ.ઓ. બી. ડી. ચાંદુ અને તેમની ટીમની આ કડક કાર્યવાહીએ શિકારી તત્વોમાં ફફડાટ ફેલાવી દીધો છે.

**વનકર્મીઓએ વહેલી સવારે ઓપરેશન પાર પાડી રૂ. ૫૦,૦૦૦નો દંડ ફટકાર્યો**

વન વિભાગે આ સાથે જ સ્પષ્ટ ચેતવણી આપી છે કે વન્યજીવોની સુરક્ષા માટે 'ઝીરો ટોલરન્સ' નીતિ અપનાવી કોઈપણ ગેરકાયદે પ્રવૃત્તિ સામે કડક પગલાં લેવામાં આવશે.

# ચલાલા-ગોપાલગ્રામ રોડ પર વૃક્ષ ધરાશાયી થતા ટ્રાફિક જામ

ચલાલ, તા.૨૪

ધારી તાલુકાના ગોપાલગ્રામ રોડ પર આવેલી ચલાલા ગુરુકુળ પાસે અચાનક એક મહાકાય વૃક્ષ ધરાશાયી થવાની



ઘટના બની હતી. આ અકસ્માતને કારણે રોડ પરનો વાહનવ્યવહાર સંપૂર્ણપણે થંભી ગયો હતો અને લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. ઘટનાની ગંભીરતા જોઈ સ્થાનિકોએ તુરંત ચલાલા પોલીસને જાણ કરી હતી. પોલીસે વિલંબ કર્યા વિના સ્થળ પર પહોંચી JCBની મદદથી વૃક્ષને હટાવવાની કામગીરી શરૂ કરી હતી. ટૂંકા સમયમાં જ રસ્તો સાફ કરી વાહનવ્યવહાર ફરી પૂર્વવત કરવામાં આવ્યો હતો.

|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...
YJ યમુના જ્વેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જ્વેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જ્વેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
શ્રી હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬



અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ધરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)
વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




**શિક્ષકો જોઈએ છે**

શ્રી હરી સેવા ટ્રસ્ટ સંચાલિત સ્વામીનારાયણ પ્રાથમિક અને ઉચ્ચ માધ્યમિક શાળા (ભરાડ કેમ્પસ) ધરમનગર લાઠી રોડ અમરેલી

| વિભાગ | લાયકાત |
|---|---|
| ★ હાયર સેકન્ડરી વિભાગ (વિજ્ઞાન - પ્રવાહ) | M.sc.B.ed. B.sc. B.ed. |
| ★ હાયર સેકન્ડરી વિભાગ (સામાન્ય - પ્રવાહ - કોમર્સ) | M.com.B.ed.Account, Economics, B.A.,S.P.CC, Computer, English |
| ★ સેકન્ડરી વિભાગ | B.A./B.SC./B.COM./B.ed. D.P.ed./A.T.D. ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી સંસ્કૃત, હિન્દી, ગુજરાતી |
| ★ પ્રાયમરી વિભાગ | P.T.C.B.ed. |

નોંધ : માર્કેટીંગ માટે ભાઈઓ તથા બહેનો માટે માસિક આશરે ૨૦ થી ૨૫ હજાર રૂપિયા મેળવી શકશે તો માર્કેટીંગ કરી શકે તેવા ભાઈઓ તથા બહેનોએ અમારો સંપર્ક કરવો

મોબાઈલ નંબર : ૬૩૫૧૩ ૯૩૩૫૦

# અમરેલીમાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સીતા નવમીની ભવ્ય ઉજવણી



અમરેલી,તા.૨૪

અમરેલી નગરના લાઠી રોડ પર સ્થિત જલારામ મંદિર અને લોહાણા જ્ઞાતિની વાડીમાં સીતા નવમીના પવિત્ર અવસરે સત્સંગનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર પ્રાંતના ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી સહિત આરતીબેન ચોવટિયા અને પૂર્વિબેન ગોહિલ જેવા અગ્રણીઓની ગરિમામય ઉપસ્થિતિ રહી હતી. ગીતાબેન ત્રિવેદી, ગોપીકાબેન ચાવડા અને હીરલબા વાળાના માર્ગદર્શન હેઠળ હિન્દુ ધર્મની વિશાળ સંખ્યામાં બહેનોએ આ સત્સંગમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. પંકજભાઈ કાનાણીની યાદી મુજબ સમગ્ર કાર્યક્રમ ભક્તિમય વાતાવરણમાં સંપન્ન થયો હતો.

**માતૃ શક્તિ અને દુર્ગા વાહિનીના ઉપક્રમે યોજાયેલ ભક્તિમય સત્સંગ કાર્યક્રમ**

# સાવરકુંડલામાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળા, હીરાભાઈ સોલંકી દ્વારા ડોર ટુ ડોર પ્રચાર કરાયો




સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલા શહેરમાં લોકસંપર્કને વધુ મજબૂત બનાવવાના ઉમદા હેતુસર ધારાસભ્ય મહેશભાઈ કસવાળા તથા રાજુલાના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ એક વ્યાપક અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અભિયાન દરમિયાન બંને લોકપ્રિય આગેવાનોએ શહેરના વિવિધ વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને નાગરિકો સાથે સીધો અને આત્મીય સંપર્ક સાધ્યો હતો. આ કાર્યક્રમમાં મહિલાઓ, યુવાનો અને વડીલોની સક્રિય ભાગીદારી જોવા મળી હતી

**બંને નેતાઓએ નાગરિકો સાથે સીધો સંવાદ કર્યો**

# ચલાલા પોલીસે બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને ઝડપી પાડ્યો



ચલાલા,તા.૨૪

ચલાલા પોલીસે બાતમીના આધારે એક મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. ભાવનગર ફેમિલી કોર્ટના ફોજદારી કેસમાં છેલ્લા બે વર્ષથી નાસતા-ફરતા આરોપીને પોલીસે ઝડપી પાડ્યો છે. કોર્ટ દ્વારા આ શખ્સ વિરુદ્ધ વોરંટ જાહેર કરવામાં આવ્યું હોવા છતાં તે લાંબા સમયથી પોલીસને ચકમો આપીને ફરાર હતો. જોકે પોલીસે સતત વોચ ગોઠવીને આખરે બાતમી મુજબ તેને દબોચી લીધો છે અને હવે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અમરેલી દ્વારા જરખીયા ખાતે કૃષિ તાલીમનું આયોજન

**ખાતરનો સંતુલિત ઉપયોગ અને પ્રાકૃતિક ખેતી અંગે ખેડૂતોને માર્ગદર્શન અપાયુ**



અમરેલી,તા.૨૪

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા તારીખ ૨૩ એપ્રિલ ૨૦૨૬ના રોજ જરખીયા ગામે વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મિનાક્ષીબેન બારીયાના માર્ગદર્શન હેઠળ ખાતરના સંતુલિત ઉપયોગ વિષય પર એક વિશેષ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગામના આશરે ૩૦ જેટલા ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ડો. બારીયાએ જમીન અને પાણીના પૃથ્થકરણનું મહત્વ સમજાવતા જણાવ્યું કે પાકની જરૂરિયાત અને જમીનની ફળદ્રુપતા મુજબ યોગ્ય સમયે અને પધ્ધતિથી ખાતરનો ઉપયોગ કરવાથી ખેતી ખર્ચમાં ઘટાડો થાય છે. વિષય નિષ્ણાંત ડો. શ્વેતાબેન પટેલે ઉમેર્યું કે સંતુલિત ખાતરથી પાકની ગુણવત્તા વધે છે અને પર્યાવરણનું જતન થાય છે. આ પ્રસંગે ખેડૂત ભરતભાઈ ચોવટીયાના ખેતર પર પ્રાકૃતિક ખેતી માટે જરૂરી સાધન-સામગ્રી જેવી કે ટીપણા, ગોળ અને ચણાનો લોટ એનાયત કરી વૈજ્ઞાનિક પદ્ધતિઓની સમજ આપી હતી. ઉપરાંત, કેવીકે ખાતે ૩૪ મહિલાઓને આધુનિક આઈ.સી.ટી. ટૂલ્સના ઉપયોગ અંગે પણ તાલીમ આપવામાં આવી હતી.

# હ્યુમન સોર્સની મદદથી ગૂમ થયેલા યુવાનને રાજુલા પોલીસે શોધી કાઢ્યો



રાજુલા,તા.૨૪

રાજુલા પોલીસ દ્વારા ખાખબાઈ ગામના ગુમ થયેલ યુવાન સુખદેવભાઈ ઉર્ફે બાલો ભાવેશભાઈ મકવાણાને શોધી કાઢવાની કામગીરી કરવામાં આવી હતી. ભાવનગર રેન્જ આઈ.જી. અને અમરેલી પોલીસ અધીક્ષકની સૂચના હેઠળ રાજુલા પોલીસે હ્યુમન સોર્સ અને ટેકનિકલ મદદથી આ યુવાનને રાજુલા બર્બટાણા રેલ્વે સ્ટેશન પાસેથી શોધી કાઢ્યો હતો. આ યુવાન ૧૧ માર્ચ ૨૦૨૬ના રોજ પોતાના ઘરેથી કહ્યા વગર નીકળી ગયો હતો જેની ફરિયાદ તેના ભાઈ રાહુલભાઈએ નોંધાવી હતી. અંતે પોલીસે તેનું નિવેદન નોંધી પરિવાર સાથે સુખદ મિલન કરાવ્યું હતું.

# વાંકિયાના નદીકાંઠે ખેડૂતો માટે શેત્રુંજી શિક્ષણ શિબિર યોજાઈ



અમરેલી,તા.૨૪

વાંકિયામાં શેત્રુંજી નદીના કાંઠે વાડી ધરાવતા ખેડૂતો માટે 'શેત્રુંજી શિક્ષણ શિબિર'નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં શેત્રુંજી નદીને સ્વચ્છ અને સ્વસ્થ રાખવાના મહત્વ સાથે તેની જાળવણી અંગે ઊંડાણપૂર્વક માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત નદીકાંઠાની વન્યજીવ સૃષ્ટિ અને માનવ સહજીવન ટકાવી રાખવા પર ભાર મુકાયો હતો. કાર્યક્રમના અંતે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા માટે શાકભાજીના બીજ, રોપણી માટેની ટ્રે અને કોકોપીટની કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# અમરેલીમાં પાડોશીઓ વચ્ચે ધીંગાણું: કૂતરાના મામલે લાકડીઓ ઉછળી

**સામસામી ફરિયાદ**

અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરના લાઠી રોડ ફાટક પાસે આવેલી ઝૂંપડપટ્ટી વિસ્તારમાં ગત સાંજે બે પાડોશી પરિવારો વચ્ચે નજીવી બાબતે ઉગ્ર બોલાચાલી બાદ ધીંગાણું થયું હતું. પાળેલા કૂતરાના મામલે શરૂ થયેલો વિવાદ લોહિયાળ અથડામણમાં પરિણમ્યો હતો, જેમાં બંને પક્ષે સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.પ્રથમ પક્ષે, સવિતાબેન પ્રકાશભાઈ વાઘેલા (ઉ.વ. ૩૫)એ કંચનબેન સુરેશભાઈ માથાસુળીયા અને સુરેશભાઈ ધરમશીભાઈ માથાસુળીયા સામે ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદ મુજબ, તેમનો પાળેલો કૂતરો પાડોશમાં રહેતા કંચનબેન માથાસુળીયાના ફળિયામાં ગયો હતો. આ બાબતનો ખાર રાખી કંચનબેન અને સુરેશભાઈએ ગાળો આપી હતી.

જ્યારે સવિતાબેને ગાળો આપવાની ના પાડી ત્યારે આરોપીઓએ લાકડી વડે હુમલો કર્યો હતો. સુરેશભાઈએ સવિતાબેનના માથામાં લાકડીનો ફટકો મારતા તેમને ચાર ટાંકા આવ્યા હતા. વચ્ચે પડનાર સવિતાબેનની દીકરી અને પુત્રવધૂને પણ ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.સામે પક્ષે, સુરેશભાઈ ધરમશીભાઈ માથાસુળીયા (ઉ.વ.૫૧)એ સવિતાબેન પ્રકાશભાઈ વાઘેલા તથા પ્રકાશભાઈ દિનેશભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમની ફરિયાદ મુજબ, એકાદ મહિના પહેલા થયેલા ઝઘડાનું વેર રાખીને આરોપીઓએ તેમની દીકરીને ગાળો આપી હતી. પત્ની કંચનબેને વિરોધ કરતા બંને આરોપીઓ લાકડીઓ લઈને ધસી આવ્યા હતા. સવિતાબેને સુરેશભાઈના માથામાં લાકડી મારતા તેમને છ ટાંકા આવ્યા હતા, જ્યારે પ્રકાશભાઈએ કમરના ભાગે લાકડી ફટકારી હતી તેમજ ગાલ ઉપર એક ઝાપટ મારી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એમ. વી. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં અમરેલી એગ્રોફેડ પ્રોડ્યુસર કંપનીની મુલાકાત લેવામા આવી



સા.કુંડલા, તા.૨૪

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી દ્વારા ૨૧ એપ્રિલ ૨૦૨૬ના રોજ સાવરકુંડલા સ્થિત સ્વર્ણ અમરેલી એગ્રોફેડ પ્રોડ્યુસર કંપનીની વિશેષ મુલાકાત લેવામાં આવી હતી. આ મુલાકાત દરમિયાન સંસ્થાના વડા ડો. મિનાક્ષી બારીયાએ ખેડૂતોને જમીન અને પાણીના પૃથ્થકરણનું મહત્વ સમજાવી ખાતરના સંતુલિત ઉપયોગ પર ભાર મૂક્યો હતો. હાલમાં ત્યાં ચણા અને તુવેરની ટેકાના ભાવે ખરીદી પ્રક્રિયા કાર્યરત છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના નિષ્ણાંત ડો. સ્વેતાબેન પટેલે જૈવિક ખેતીના ફાયદા જણાવતા ગીર સાવજ ટ્રાયકોડર્મા અને બ્યુવેરીયા જેવી ફૂગ દ્વારા રોગ-જીવાત નિયંત્રણની પદ્ધતિઓ સમજાવી હતી. ત્યારબાદ ટીમે બાઢડા ગામે પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના મોડેલ ફાર્મની મુલાકાત લઈ ખેતીમાં રાખવી પડતી કાળજીઓ વિશે ઊંડાણપૂર્વક ચર્ચા કરી હતી. આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ખેડૂતોને આધુનિક અને રાસાયણિક મુક્ત ખેતી તરફ વાળવાનો રહ્યો હતો.

# બગસરામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણી પૂર્વે 'આપ'ના કાર્યકરો ભાજપમાં જોડાયા



તસવીર : હાર્દિક બામટા

બગસરા,તા.૨૪

બગસરા તાલુકામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે ત્યારે રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. આગામી ૨૬ એપ્રિલના રોજ તાલુકા પંચાયતની ૧૬ અને જિલ્લા પંચાયતની ૨ બેઠકો માટે મતદાન યોજાનાર છે, તે પૂર્વે જ આમ આદમી પાર્ટીને મોટો ફટકો પડ્યો છે. તાલુકા ભાજપ પ્રમુખ પ્રદીપભાઈ ભાખરના માર્ગદર્શન હેઠળ આમ આદમી પાર્ટીના જૂના વાઘણીયા જિલ્લા પંચાયત બેઠકના પ્રભારી લાલજીભાઈ દાફડા, અનિલભાઈ દાફડા અને વિજયભાઈ દાફડા સહિતના અનેક કાર્યકરો વિધિવત રીતે ભારતીય જનતા પાર્ટીમાં જોડાયા છે. વિકાસની ગતિને વેગવંતી રાખવાના ઉમદા હેતુ સાથે 'આપ' છોડી ભાજપનો ખેસ ધારણ કરતા બગસરા પંથકમાં ભાજપનું પલ્લું ભારે થયું છે અને ફરી એકવાર ભગવો લહેરાશે તેવો આશાવાદ કાર્યકરોમાં જોવા મળી રહ્યો છે.

## :: જાહેર નોટીસ ::

આથી આ જાહેર નોટીસ આપી સર્વેને જાણ કરવામાં આવે છે કે આઈ શ્રી ખોડિયાર એન્જીનીયરીંગ વર્કસ પેઢીના નામે એકસીસ બેંક નાગનાથ શાખા અમરેલીના ખાતા નં.૩૩૬૦૧૦૧૦૦૦૬૩૩૪૬નુ ખાતું તા.૨૪/૦૪/૨૦૧૦ના રોજ ખાતુ બંધ કરાવેલ છે. તેમજ કોટક મહિન્દ્રા બેંક અમરેલી શાખાના ખાતા નં.૩૮૧૧૧૭૮૪૫૬થી બેંક ખાતુ આવેલ છે સદરહું બન્ને ખાતામા કોઈપણ પ્રકારની લેવડ દેવડ કરવી નહિ તેમજ આઈ શ્રી ખોડિયાર એન્જીનીયરીંગ વર્કસ પેઢીના ઉપરોકત બંને ખાતાના જુના ચેક કોઈ પાસે હોય તો આઈ શ્રી ખોડિયાર એન્જીનીયરીંગ વર્કસને પરત કરશો જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી. તેમજ આ બન્ને ખાતાના જુના ચેક કોઈ પાસે હોયતો આ નોટિસ પ્રસિધ્ધ થયે દિન–૭ (સાત) માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા તો રજી. એડીથી જાણ કરવી. દિવસ-૭ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી અને જો હોય તો તેમણે સ્વેચ્છાએ જતા (વેઈવ) કરેલ છે ત્યારબાદ આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ જેથી લાગતા વળગતાએ સર્વેએ નોંધ લેવી.

તા.૨૪/૦૪/૨૦૨૬

સ્થળ : અમરેલી.

મારી મારફત
અમીત પી. ચોવટીયા, એડવોકેટ
મો. ૯૯૧૩૬ ૪૧૧૬૭.
ઓફિસ નં. ૧૦૧-૧૦૨, પહેલો માળ,
ટ્રેડ સેન્ટર, મલય ઝેરોક્ષની સામે,
સીવીલ હોસ્પીટલ રોડ, અમરેલી.

મારી સુચનાથી
આઇ શ્રી ખોડિયાર એન્જીનીયરીંગ વર્કસના
પ્રોપ. જે.કે. બાંભરોલીયા

સંકુલ ગર્લ્સ આર્ટસ બપોર
સંકુલ મિશ્ર આર્ટસ સવાર
ધો. ૧૧-૧૨ સોસીયો Eco. Poli.
ધો. ૧૧-૧૨ હિસ્ટ્રી Geo.. Poli.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ
સ્થળઃ-શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ ટ્રસ્ટ) અમરેલી -Ad018



BLUE BUDDHA
CLEARANCE SALE
T-SHIRTS @ ₹399
POLOS @ ₹499
SHIRTS @ ₹699
TROUSERS @ ₹699
DENIMS @ ₹799
Visit our shop today to avail Amazing Offer
SHOP NO. 30, NEW S.T. BUS STATION, AMRELI. (M) 74338 05806
■મનિષ વાકોતર ■વી.ડી. રાણપરીયા
www.bluebuddha.co.in
નોંધ : અમરેલીમાં અમારી બીજી કોઈ બ્રાંચ નથી.

ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
Ladies & Gents
ડ્રીમ ફેમેલી સ્પા



ભાઈઓ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનીટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now Mo.8160832025
ADRESS : સાવર કુંડલા ચોકડી, રીંગ રોડ, RTO office ની બજુમા અમરેલી - 365601

### કોલેજ લાઈબ્રેરી દ્વારા પુસ્તક પ્રદર્શન યોજાયુ

# અમરેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ દ્વારા પુસ્તક દિવસની ઉજવણી

**આ આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે રુચિ વધારવાનો પ્રયાસ**



અમરેલી,તા.૨૩

અમરેલીમાં આવેલી કોલેજ ઓફ નેચરલ ફાર્મિંગ દ્વારા ૨૩ એપ્રિલના રોજ "વિશ્વ પુસ્તક દિવસ" નિમિત્તે એક પ્રેરણાદાયી કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. દેશમુખની ઉપસ્થિતિમાં સમગ્ર શૈક્ષણિક સ્ટાફ અને વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે મદદનીશ પ્રાધ્યાપક ડો. કે.વી. ચૌધરીએ પુસ્તકોનું માનવ જીવનમાં મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે પુસ્તકો જ્ઞાન, દર્શન અને પ્રેરણાના અખૂટ સ્ત્રોત છે. કાર્યક્રમમાં ભારતના બંધારણની વિશેષતાઓ પર ખાસ ભાર મૂકવામાં આવ્યો હતો અને તેને લોકશાહીનો સર્વોચ્ચ કાનૂની દસ્તાવેજ ગણાવ્યો હતો. આ નિમિત્તે કોલેજ લાઈબ્રેરી દ્વારા પુસ્તક પ્રદર્શન યોજાયું હતું, જેમાં વિદ્યાર્થીઓને વિવિધ વિષયોના પુસ્તકો નિહાળવાની તક મળી હતી. આ આયોજન દ્વારા વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે રુચિ કેળવાય અને તેઓ પુસ્તકોને પોતાના સાચા મિત્ર બનાવે તેવો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો. અંતમાં તમામ સહભાગીઓએ વાંચનનો સંકલ્પ લઈ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# વાંકિયા ગામે કડિયા કામ કરતા શ્રમિક પર દીવાલ પડતા મોત

વાંકિયા, તા. ૨૪

વાંકિયા ગામે કડિયા કામ કરી રહેલા એક શ્રમિક માટે ગુરુવારનો દિવસ કાળમુખો સાબિત થયો હતો. બાંધકામ દરમિયાન અચાનક દીવાલનો એક ભાગ ધરાશાયી થઈ શ્રમિક પર પડતા, ગંભીર ઈજાઓના કારણે તેનું કરુણ મોત નીપજ્યું હતું. બાલુભાઈ પુનાભાઈ જુવાદરિયા (ઉં.વ. ૭૧) એ જાહેર કર્યા મુજબ, ધનજીભાઈ પુનાભાઈ જુવાદરીયા (ઉં.વ.૬૦) જ્યારે કડિયા કામ કરી રહ્યા હતા, તે સમયે અચાનક જ દીવાલનો એક હિસ્સો ધરાશાયી થયો હતો અને તેઓ તેની નીચે દબાઈ ગયા હતા. દીવાલ શરીર પર પડતા તેમના ડાબા પગના સાથળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે પુષ્કળ લોહી વહી ગયું હતું. આ ઉપરાંત, તેમના જમણા પગમાં પણ ગંભીર ફ્રેક્ચર થયું હતું.ઘટના બાદ આસપાસના લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તને કાટમાળમાંથી બહાર કાઢી સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા. જોકે, વધુ પડતું લોહી વહી જવાને કારણે અને શરીરે ગંભીર ઈજાઓ હોવાથી ટૂંકી સારવાર બાદ તેમનું મોત નીપજ્યું હતું. આ ઘટનાને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ જે.કે. ડામોર વધુ તપાસ કરી રહ્યા છે.

# લીલીયા મોટાના બુહા પરિવારે નેત્રદાન કરી બે વ્યક્તિઓના જીવનમાં રોશની પાથરી



લીલીયા,તા.૨૪

લીલીયા મોટા ગામના નિવાસી સ્વર્ગસ્થ નાથાભાઈ બુહાનું અવસાન થતા તેમના પરિવારે શોકના સમયે પણ સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવી છે. નાથાભાઈના પુત્રો જીવનભાઈ બુહા અને પૌત્ર જગદીશભાઈ બુહાએ તેમના ચક્ષુઓનું દાન કરવાનો પ્રશંસનીય નિર્ણય લીધો હતો. આ પવિત્ર કાર્યમાં ડો.જયંતિભાઈ કુંભાણી, વિજયભાઈ ભાલાળા અને નિલેશભાઈ વોરાએ મહત્વનો સહયોગ આપ્યો હતો. લોક દ્રષ્ટિ ચક્ષુબેંકના પ્રમુખ ડો. પ્રફુલ્લભાઈ શિરોયા અને રેડ ક્રોસ સોસાયટીના સભ્યોએ દાતા પરિવારનો આભાર માની શ્રદ્ધાંજલિ અર્પી હતી. આ નેત્રદાન થકી કાળી કીકીના કારણે અંધત્વ ભોગવતા બે વ્યક્તિઓ ફરીથી દુનિયા જોઈ શકશે અને નાથાભાઈના નેત્રો અન્યોના જીવનમાં ઉજાસ પાથરશે.

# ખાંભાના નિંગાળા-૨ ગામમાં ત્રાસથી કંટાળી યુવકે મોત વ્હાલું કર્યું

**તલવાર બતાવી ધમકી આપ્યા બાદ યુવકે ઝેર પીધું**

ખાંભા, તા. ૨૪

ખાંભા તાલુકાના નિંગાળા-૨ ગામે માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીઓથી કંટાળીને એક વ્યક્તિએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી ગઈ છે. આ મામલે પોલીસે ત્રણ શખ્સો વિરુદ્ધ આત્મહત્યા માટે મજબૂર કરવા સહિતની કલમો હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.આ અંગે મનસુખભાઈ વાઘાભાઈ વણઝારાએ ડેડાણ ગામના અકબરખાન દિલાવરખાન પઠાણ, તૌફીક અકબરખાન પઠાણ તથા તમન્ના અકબરખાન પઠાણ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ મુજબ, આરોપીઓ અવાર-નવાર ફોરવ્હીલ ગાડી લઈને મૃતકના ઘરે પહોંચી જતા અને ત્યાં બીભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા હતા.તપાસમાં સામે આવ્યું છે કે, આરોપીઓએ તલવાર જેવા હથિયારો બતાવી મૃતકને ડરાવ્યા હતા અને સતત માનસિક ત્રાસ આપ્યો હતો. આ રોજબરોજના ત્રાસથી કંટાળી અંતે યુવકે ઝેરી દવા પીને પોતાની જીવનલીલા સંકેલી લીધી હતી. હાલ અમરેલી એસસી-એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી. આર. રાઠોડ આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# અમરેલીની જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ ખાતે સમર કેમ્પનો ઉત્સાહભેર પ્રારંભ

અમરેલી,તા.૨૪

શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ ખાતે અમરેલી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત 'જ્ઞાનશક્તિ રેસિડેન્શિયલ સ્કૂલ ઓફ એક્સેલન્સ' દ્વારા સમર કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમની મંગલ શરૂઆત દીપ પ્રાગટય દ્વારા કરવામાં આવી હતી. સમર કેમ્પના પ્રથમ દિવસે જ વિદ્યાર્થીનીઓ માટે વિવિધ શારીરિક અને કૌશલ્યલક્ષી પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.



જેમાં વિદ્યાર્થીનીઓએ કસરત-યોગ, જુડો, લીંબુ ચમચી અને કોથળા દોડ જેવી રમતોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉપરાંત, વિદ્યાર્થીનીઓને વાદ્ય સંગીતની તાલીમ જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ પણ કરાવવામાં આવી હતી.

# અમરેલીમાં સિવિલ હોસ્પિટલ પાસે બેફામ કાર ડ્રાઈવિંગે પ્રૌઢનો જીવ લીધો

અમરેલી,તા.૨૪

અમરેલી શહેરના સિવિલ હોસ્પિટલ વિસ્તારમાં એક ગંભીર અકસ્માત સર્જાયો હતો. પૂરઝડપે જતી એક કારે મોટરસાયકલને અડફેટે લેતાં એક વ્યક્તિનું કરુણ મોત નીપજ્યું હતું. આ અંગે તેજસભાઈ ભરતભાઈ પારેખ (ઉ.વ.૩૫)એ કાર ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના પિતા મોટરસાયકલ લઈને અમરેલી સિવિલ હોસ્પિટલના પાછળના ગેટ પાસેથી પસાર થઈ સુખનીવાસ કોલોની તરફ જઈ રહ્યા હતા. આ દરમિયાન એક અલ્ટ્રોઝ કારના ચાલકે તેમને જોરદાર ટક્કર મારી હતી. માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યું હતું.

અમરેલી સિટી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર. ડી. કુવાડિયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલામાં વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પનું આયોજન

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલા ખાતે સદગુરુ કબીર સાહેબ સેવા ટ્રસ્ટ, લાયન્સ ક્લબ અને સુદર્શન નેત્રાલયના સંયુક્ત ઉપક્રમે ભવ્ય નેત્ર નિદાન કેમ્પ સંપન્ન થયો હતો. પૂજ્ય નારણદાસ સાહેબના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા આ કેમ્પનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ અવસરે વિવિધ સામાજિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.



કેમ્પમાં કુલ ૭૨ દર્દીઓએ તપાસ કરાવી હતી, જેમાંથી ૧૪ જરૂરિયાતમંદ દર્દીઓને નિઃશુલ્ક મોતીયાના ઓપરેશન માટે પસંદ કરાયા હતા. છેલ્લા ૧૮ વર્ષથી દર મહિનાના ચોથા ગુરુવારે આ સેવાકીય પ્રવૃત્તિ અવિરતપણે ચલાવવામાં આવે છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિઃ નોમ
તા.૨૫-૦૪-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૫:૪૬,
સૂર્યાસ્ત-૦૬:૫૨, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ આશ્લેષા

## દૈનિક રાશિફળ

તા.૨૫-૦૪-૨૦૨૬ શનિવાર

મેષઃ આજનો દિવસ શુભ રહેશે. પ્રવાસનો યોગ છે. જો કે આ પ્રવાસ સામાન્ય રીતે ફાયદાકારક રહેશે. આજે ખર્ચ આવક કરતા વધારે છે.

વૃષભઃ આજે કાર્યક્ષેત્રમાં અધિકારી સાથે અથવા વ્યાવસાયિક ક્ષેત્રમાં બિઝનેસમેન સાથે તકરાર થઈ શકે છે. ઘર માટે ઉપયોગી વસ્તુ ખરીદવામાં આવશે.

મિથુનઃ તમારા જીવનસાથીનો સહયોગ મળશે. વ્યાવસાયિક પ્રયત્નોથી સારું ફળ મળશે. નવા વ્યવસાયમાં આજે તમારા વિરોધીઓ પરાજિત થશે.

કર્કઃ દિવસ સારો છે, યુવાનો કે જેમણે હાલમાં જ પોતાની કારકિર્દી શરૂ કરી છે, તેઓને આજે તેમની ઓફિસમાં તેમની પ્રતિભા દર્શાવવાની તક મળશે.

સિંહઃ આજે રાજકીય કાર્યોમાં અડચણો આવશે. બપોરે કેટલાક નવા કામની રૂપરેખા બનાવવામાં આવશે. ધ્યાનમાં રાખો કે આજે તમને તમારી મહેનતના પ્રમાણમાં બમણો લાભ મળશે.

કન્યાઃ આજે તમારો અડધો દિવસ દાન કરવામાં ખર્ચ કરશો. બીજાને મદદ કરવામાં તમને જે આત્મ-સંતોષ મળે છે તેની તુલના અન્ય કોઈ આનંદ સાથે કરી શકાય નહીં.

તુલાઃ નોકરી અથવા ધંધામાં નવી ટેક્નોલોજીની માહિતી તરફ આપની રુચિ વધશે. એકંદરે આજનો દિવસ મિશ્રિત ફળદાયી રહેશે.

વૃશ્ચિકઃ આજે જીવનસાથી સાથે વૈચારિક મતભેદની સ્થિતિ બની શકે છે. કોઈપણ નિર્ણય લેતી વખતે ભાવનામાં વહેશો નહીં, કારણકે ભાવનાત્મકતામાં લીધેલા નિર્ણયથી નુકસાન થશે.

ધનઃ આજે મિશ્ર ફળદાયી દિવસ છે, સમાજમાં એક સારી છબી બનાવવામાં આવશે. ચાલુ કાર્યમાં સાવચેત રહેવું. પ્રમોશન માટેની તકો મળશે.

મકરઃ આજે કોઈ નવી ડીલથી અચાનક ધન લાભ થશે. પત્ની અથવા કોઈ બાળકની તબિયત અચાનક બગડવાના કારણે ઘરમાં તણાવ થઈ શકે છે.

કુંભઃ આજે તમે તમારા ધૈર્ય અને નરમ વર્તનથી વાતાવરણ હળવું કરી શકશો. આજે ઘણાં દિવસોથી ચાલતી મનની બેચેની શાંત થઈ જશે.

મીનઃ કોઈ મોટી સફળતાનો આનંદ મળશે. હાથમાં મોટી રકમ મેળવવામાં સંતોષ રહેશે. બપોરે વિરોધીઓને જીતવાની પ્રબળ સંભાવના છે.

# સાવરકુંડલામાં સમર્પણ ગૌસેવા સમિતિ દ્વારા અવેડી અને કુંડાનું વિનામૂલ્યે વિતરણ

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલામાં છેલ્લા ૧૬ વર્ષથી અબોલ જીવોની નિઃસ્વાર્થ સેવા કરતી શ્રી સમર્પણ ગૌસેવા સમિતિ દ્વારા ૧૯ એપ્રિલ ૨૦૨૬ના રોજ જેસર રોડ સ્થિત આઈસીયુ સેન્ટર ખાતે દાતાઓના સહયોગથી પાણીની અવેડી તથા પક્ષીઓ માટે કુંડાનું વિનામૂલ્યે વિતરણ



કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ કસવાલા અને નાગરિક બેંકના ચેરમેન પ્રવીણભાઈ સાવજ સહિતના અગ્રણીઓની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમ દરમિયાન અંદાજે ૬૦૦ કુંડા અને ૧૫ અવેડીનું વિતરણ કરી જીવદયાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવામાં આવ્યું હતું. આ આયોજનને સફળ બનાવવા ખીરાદાદા અને વિશાલભાઈ મકવાણા સહિતની ટીમે ભારે જહેમત ઉઠાવી હતી અને મોટી સંખ્યામાં જીવદયા પ્રેમીઓ સહભાગી બન્યા હતા.

# વંડા અને મોટી કુંકાવાવમાંથી જુગાર રમતા ૮ શખ્સો ઝડપાયા

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લામાં બે સ્થળેથી પોલીસે ૮ શખ્સોને રૂ. ૩૮,૦૦૦થી વધુના મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યા હતા. વંડા ગામે હિતેષભાઈ લાલજીભાઈ પરમાર, વિક્રમભાઈ કરશનભાઈ પરમાર, તાજુભાઈ મનુભાઈ પરમાર, વિજયભાઈ વિનુભાઈ રાઠોડ અને રોહિતભાઈ ઘુડાભાઈ પરમાર ડંકી પાસે સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતાં રોકડા રૂ. ૧૧,૨૦૦ સાથે ઝડપાયા હતા. જ્યારે મોટી કુંકાવાવ ગામે ઘનશ્યામનગરમાંથી સામતભાઈ ધીરૂભાઈ રાઠોડ, પ્રતાપભાઈ ધીરૂભાઈ રાઠોડ તથા ફુલાભાઈ ઉર્ફે બાવડુ હિરાભાઈ માવલીયા શેરીમાં જાહેરમાં પૈસા તથા ગંજીપાના વડે તીનપત્તીનો હાર-જીતનો જુગાર રમતાં રોકડા રૂ. ૨૬,૮૧૦ સાથે ઝડપાયા હતા.

# સા. કુંડલામાં કાપેલધાર પાસેથી ૧૦૫ નંગ દારૂના ચપટા પકડાયા

**૧૩ ઇસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા**

સાવરકુંડલા, તા. ૨૪

અમરેલી જિલ્લામાં પોલીસ પ્રોહિબિશનની પ્રવૃત્તિ સામે કડક કામગીરી કરી રહી છે. આ દરમિયાન સાવરકુંડલામાં કાપેલધાર પાસેથી શિલ્પેશભાઈ ઉર્ફે શિલ્પો બાલુભાઈ વાળા પાસ-પરમિટ વગર ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ-અલગ બ્રાન્ડની નાની કાચની તેમજ પ્લાસ્ટિકની ૧૦૫ નંગ ચપટા બોટલો સાથે ઝડપાયો હતો. પોલીસે રૂ.૧૧,૮૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત, જિલ્લામાં છ લોકો પાસેથી ૧૬ લિટર દેશી દારૂ પકડાયો હતો, જ્યારે ૧૩ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં જાહેરમાં ફરતા મળી આવ્યા હતા.

# રાજુલામાં પત્ની સાથેના સંબંધની શંકા રાખી યુવક પર કોયતા વડે જીવલેણ હુમલો

**ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી પણ આપી**

રાજુલા, તા. ૨૪

અમરેલી જિલ્લાના રાજુલામાં પત્ની સાથેના આડા સંબંધની શંકા રાખી એક શખ્સે દૂધ વિતરણ કરવા નીકળેલા પશુપાલક પર કોયતા જેવા ઘાતક હથિયાર વડે હુમલો કરતા ચકચાર મચી ગઈ છે. કપાળના ભાગે ગંભીર ઈજા થતા ઈજાગ્રસ્તને પાંચ જેટલા ટાંકા આવ્યા હતા.બનાવ અંગે તબેલાનો વ્યવસાય કરતા જાનાભાઈ જીવાભાઈ હડીયા (ઉ.વ.૩૦) એ કિશનભાઈ અશોકભાઈ ખેંગાર સામે ફરિયાદ નોંધાવી હતી. આ કેસની વિગતો મુજબ, તેમના તબેલામાં આરોપીની પત્ની અગાઉ સાફ-સફાઈના કામે આવતી હતી. આશરે છ મહિના પહેલા આરોપીની પત્નીએ તેમને ફોન કર્યો હતો, જે બાદ જાનાભાઈએ તેને ફરી ફોન કરવાની ના પાડી હતી અને તબેલામાં કામે આવવાનું પણ બંધ કરાવી દીધું હતું.જોકે, પત્નીના મોબાઈલ ફોનમાં વાતચીત થઈ હોવાનું સામે આવતા આરોપીએ મનમાં વેર રાખ્યું હતું. આરોપીને શંકા હતી કે તેની પત્ની અને ફરિયાદી વચ્ચે અનૈતિક સંબંધો છે. આ વેરની વસૂલાત કરવા માટે જ્યારે ફરિયાદી સલાટવાડા વિસ્તારમાં દૂધ આપવા નીકળ્યા હતા, ત્યારે આરોપીએ તક જોઈ લોખંડના કોયતા વડે તેમના પર હુમલો કર્યો હતો. હુમલાખોરે કપાળના ભાગે ઘા ઝીંકી દેતા ગંભીર ઈજા પહોંચી હતી. હુમલો કર્યા બાદ આરોપીએ જાહેરમાં બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.


**તંત્રી લેખ**

# પશ્ચિમ બંગાળમાં ચૂંટણી હિંસક બની

પશ્ચિમ બંગાળનું રાજકારણ લાંબા સમયથી તીવ્ર સ્પર્ધા અને ઉગ્ર રાજકીય સંસ્કૃતિ માટે ઓળખાય છે. અહીં રાજકીય પક્ષો વચ્ચેની હરીફાઈ માત્ર વિચારોની મર્યાદામાં રહેતી નથી, પરંતુ ઘણીવાર તે રસ્તા પર પણ દેખાઈ આવે છે. એક તરફ આ પ્રદેશ સાહિત્ય, સંસ્કૃતિ અને બૌધ્ધિક પરંપરાઓ માટે પ્રસિધ્ધ છે, તો બીજી તરફ રાજકીય અથડામણો પણ તેની હકીકત બની રહી છે. વર્ષો દરમિયાન વિવિધ પક્ષોએ અહીં પોતાની મજબૂતી સ્થાપિત કરવા માટે જોરદાર પ્રયાસો કર્યા છે, જેના પરિણામે ચૂંટણી સમયગાળામાં તણાવ વધતો જોવા મળે છે. સામાન્ય મતદારો માટે ચૂંટણી લોકશાહીનો ઉત્સવ હોવો જોઈએ, પરંતુ અનેક વખત તે ભય અને અસુરક્ષાના માહોલમાં ફેરવાઈ જાય છે. આ પરિસ્થિતિ લોકશાહી મૂલ્યો માટે ચિંતાજનક છે અને રાજ્યના રાજકારણને વધુ સંયમ અને જવાબદારીની જરૂરિયાત તરફ સંકેત આપે છે. પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) અને ભારતીય જનતા પાર્ટી (ભાજપ) વચ્ચેની રાજકીય સ્પર્ધા છેલ્લા કેટલાક વર્ષોમાં અત્યંત તીવ્ર બની ગઈ છે. એક સમયે બંગાળમાં મુખ્યત્વે ડાબેરી પક્ષો અને ટીએમસી વચ્ચે જ સ્પર્ધા જોવા મળતી હતી, પરંતુ ભાજપના ઉદય પછી રાજકીય સમીકરણોમાં મોટો ફેરફાર આવ્યો છે. ભાજપે રાજ્યમાં પોતાની સંગઠન શક્તિ વધારીને ટીએમસી સામે મજબૂત પડકાર ઊભો કર્યો છે. ટીએમસી, મમતા બેનર્જીના નેતૃત્વ હેઠળ, રાજ્યમાં પોતાના વિકાસકાર્ય, લોકપ્રિય યોજનાઓ અને પ્રાદેશિક ઓળખના મુદ્દાઓને આગળ ધપાવે છે. તેઓ બંગાળની સંસ્કૃતિ અને સ્વાભિમાનને કેન્દ્રમાં રાખીને મતદારોને આકર્ષવાનો પ્રયાસ કરે છે. બીજી તરફ, ભાજપ રાષ્ટ્રીય સ્તરના મુદ્દાઓ, વિકાસની વાતો અને મજબૂત નેતૃત્વની છબી દ્વારા લોકોમાં પોતાની પકડ મજબૂત બનાવવાનો પ્રયત કરે છે. આ સ્પર્ધામાં રાજકીય પ્રચાર ખૂબ જ આક્રમક બની ગયો છે. બંને પક્ષો એકબીજા પર આરોપ-પ્રત્યારોપ કરે છે અને મતદારોને પોતાના પક્ષમાં ખેંચવા માટે વિવિધ વ્યૂહરચનાઓ અપનાવે છે. ચૂંટણી સમયગાળામાં કાર્યકર્તાઓ વચ્ચે અથડામણ અને તણાવની ઘટનાઓ પણ સામે આવે છે, જે લોકશાહી માટે ચિંતાજનક છે. આ વખતે પશ્ચિમ બંગાળની વિધાનસભા ચૂંટણીમાં મતદારોનો ભારે ઉત્સાહ જોવા મળ્યો છે. અનેક વિસ્તારોમાં ઊંચું મતદાન નોંધાયું છે, જે દર્શાવે છે કે લોકો લોકશાહી પ્રત્યે જાગૃત છે અને પોતાના મતાધિકારનો સક્રિય ઉપયોગ કરવા ઈચ્છે છે. ઊંચું મતદાન સામાન્ય રીતે લોકશાહી માટે સકારાત્મક સંકેત માનવામાં આવે છે, પરંતુ સાથે જ શાંતિપૂર્ણ વાતાવરણ જાળવવાની જવાબદારી પણ વધે છે. મતદાનના પ્રથમ તબક્કામાં કેટલીક જગ્યાએ હિંસક ઘટનાઓ સામે આવી છે, જે ચિંતાનો વિષય છે. ચૂંટણી દરમિયાન રાજકીય મતભેદ હોવા સ્વાભાવિક છે, પરંતુ તે હિંસામાં બદલાય ત્યારે લોકશાહીનું મૂલ્ય ઘટે છે. કેટલીક ઘટનાઓમાં વિરોધ પક્ષના ઉમેદવારો પર જાહેરમાં હુમલા થયા હોવાનું સામે આવ્યું છે. આવા દૃશ્યો સૂચવે છે કે કેટલાક કાર્યકર્તાઓમાં અસહિષ્ણુતા અને આક્રમકતા વધી રહી છે. રાજકીય સ્પર્ધા હંમેશા વિચારો અને નીતિઓ પર આધારિત હોવી જોઈએ. વિરોધી ઉમેદવારને હરાવવા માટે પ્રચાર કરવો અને જનસમર્થન મેળવવું સ્વાભાવિક છે. પરંતુ વ્યક્તિગત હુમલા, ધમકીઓ અને હિંસા જેવી પ્રવૃત્તિઓ લોકશાહી પ્રક્રિયાને નુકસાન પહોંચાડે છે. કોઈપણ પક્ષના કાર્યકર્તાઓ માટે જરૂરી છે કે તેઓ શાંતિ અને કાયદાનો આદર રાખે. આ પરિસ્થિતિમાં પક્ષના નેતૃત્વની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ બની જાય છે. નેતાઓએ પોતાના કાર્યકર્તાઓને સંયમ અને શિસ્તમાં રહેવા માટે માર્ગદર્શન આપવું જોઈએ.

# ગુજરાતની ગ્રીન એનર્જી ક્રાંતિ એટલે કંડલાનો પ્રથમ ગ્રીન મિથેનોલ પ્લાન્ટ


**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**




ભારત આજે વૈશ્વિક સ્તરે ઊર્જા પરિવર્તન અને પર્યાવરણ સંરક્ષણ માટે મહત્વપૂર્ણ પ્રયાસો કરી રહ્યું છે. ખાસ કરીને ભારત પોતાના "નેટ-ઝીરો" લક્ષ્યને સિધ્ધ કરવા માટે નવી અને સસ્ટેનેબલ ટેકનોલોજી અપનાવી રહ્યું છે. આ દિશામાં ગુજરાત રાજ્યએ આગેવાની લીધી છે. ગુજરાતના કંડલા પોર્ટ ખાતે સ્થાપિત થતો દેશનો પ્રથમ ગ્રીન મિથેનોલ પ્લાન્ટ આ પ્રયાસોમાં એક મહત્વપૂર્ણ માઈલસ્ટોન છે. આ પ્રોજેક્ટ દીનદયાલ પોર્ટ ઓથોરિટી (DPA) હેઠળ વિકસાવવામાં આવી રહ્યો છે, જે ભવિષ્યમાં ગ્રીન ફ્યુઅલ અને લો-કાર્બન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રાષ્ટ્રીય કેન્દ્ર બની શકે છે. કંડલા પોર્ટનું સ્થાન વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્વપૂર્ણ છે, કારણ કે તે ભારતના સૌથી મોટા વેપાર બંદરોમાંનું એક છે. અહીં પહેલાથી જ એનર્જી સંબંધિત સુવિધાઓ ઉપલબ્ધ છે, જેના કારણે ગ્રીન હાઈડ્રોજન અને ગ્રીન મિથેનોલ જેવા પ્રોજેક્ટ માટે આ સ્થળ ખૂબ અનુકૂળ છે. કંડલા વિસ્તાર સોલાર અને વિંડ જેવી રિન્યુએબલ એનર્જી માટે પણ યોગ્ય છે, જે ગ્રીન હાઈડ્રોજન ઉત્પાદન માટે જરૂરી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ કંડલાને "ગ્રીન એનર્જી હબ" તરીકે વિકસાવવાનો છે, જ્યાં ભવિષ્યમાં ગ્રીન શિપિંગ, ગ્રીન ફ્યુઅલ અને કાર્બન-ન્યુટ્રલ ટેકનોલોજીનો વ્યાપક ઉપયોગ થઈ શકે. ગ્રીન મિથેનોલ ઉત્પાદન પ્રક્રિયા બે મુખ્ય તબક્કાઓમાં વહેંચાયેલી છે. પ્રથમ તબક્કામાં ગ્રીન હાઈડ્રોજનનું ઉત્પાદન કરવામાં આવે છે. આ હાઈડ્રોજન સોલાર અને પવન ઊર્જા જેવા સ્વચ્છ ઊર્જા સ્ત્રોતોનો ઉપયોગ કરીને "ઈલેક્ટ્રોલિસિસ" પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવે છે. આ પ્રક્રિયામાં પાણી ($HO_2$) ને તોડી હાઈડ્રોજન અને ઓક્સિજનમાં વિભાજિત કરવામાં આવે છે. બીજા તબક્કામાં આ ગ્રીન હાઈડ્રોજનને કાર્બન ડાયોક્સાઈડ ($CO_2$) સાથે પ્રતિક્રિયા કરાવી મિથેનોલ ($CH_3OH$) બનાવવામાં આવે છે. આ $CO_2$ હવામાંથી પકડવામાં આવે છે અથવા ઔદ્યોગિક ઉત્સર્જનમાંથી પુનઃઉપયોગ કરવામાં આવે છે. આથી નવો કાર્બન ઉત્પન્ન થતો નથી અને પ્રક્રિયા કાર્બન-ન્યુટ્રલ બની રહે છે. આ પ્રોજેક્ટમાં "ઈ-મિથેનોલ" (e-Methanol) બનાવવામાં આવશે, જે પરંપરાગત પેટ્રોલિયમ આધારિત મિથેનોલ કરતાં ઘણું વધુ પર્યાવરણ મિત્ર છે. કંડલા ખાતે પહેલેથી જ ૧ મેગાવોટ ક્ષમતા ધરાવતો ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવ્યો છે, જે દર વર્ષે લગભગ ૧૪૦ મેટ્રિક ટન હાઈડ્રોજન ઉત્પાદન કરી શકે છે. આ સુવિધા ભવિષ્યમાં મિથેનોલ ઉત્પાદન માટે આધારરૂપ બનશે. આગામી તબક્કાઓમાં આ પ્લાન્ટને વિસ્તૃત કરીને "એનર્જી સિટી" તરીકે વિકસાવવાનો પ્લાન છે, જ્યાં ગ્રીન ફ્યુઅલનું ઉત્પાદન, સ્ટોરેજ અને વિતરણ એકસાથે શક્ય બનશે. ગ્રીન મિથેનોલ પ્લાન્ટના મુખ્ય લાભોમાંથી એક છે કાર્બન ઉત્સર્જનમાં નોંધપાત્ર ઘટાડો. પરંપરાગત "ગ્રે મિથેનોલ" ઉત્પાદન પ્રક્રિયામાં ફોસિલ ફ્યુઅલનો ઉપયોગ થાય છે, જે વધુ $CO_2$ ઉત્સર્જન કરે છે. તેની સામે ગ્રીન મિથેનોલમાં $CO_2$ નો પુનઃઉપયોગ થાય છે, જેના કારણે કાર્બન ફૂટપ્રિન્ટ ઓછો રહે છે. વિશ્વના કુલ ગ્રીનહાઉસ ગેસ ઉત્સર્જનમાં શિપિંગ ક્ષેત્રનો લગભગ ૩% ફાળો છે. ગ્રીન મિથેનોલ જેવા સ્વચ્છ ઈંધણના ઉપયોગથી આ ઉત્સર્જનમાં ૮૦% થી ૯૫% સુધી ઘટાડો શક્ય છે. આ ઉપરાંત, કંડલા વિસ્તારમાં હવામાં ગુણવત્તામાં સુધારો થશે, જે સ્થાનિક લોકોના આરોગ્ય માટે પણ ફાયદાકારક રહેશે. આ પ્રોજેક્ટ ભારતને મિથેનોલ ઉત્પાદન ક્ષેત્રે આત્મનિર્ભર બનાવવામાં મદદ કરશે. હાલ ભારત મિથેનોલ માટે આયાત પર નિર્ભર છે, પરંતુ ગ્રીન મિથેનોલ પ્લાન્ટથી આ આયાતમાં ઘટાડો થશે. આ પ્રોજેક્ટ સ્થાનિક સ્તરે રોજગારના અવસરો પણ ઊભા કરશે. ટેકનિકલ, ઔદ્યોગિક અને સંશોધન ક્ષેત્રે નવી તકો સર્જાશે. ઉપરાંત, ગુજરાત રાજ્યમાં ઉદ્યોગિક વિકાસને વધુ ગતિ મળશે. આ પ્રોજેક્ટ ભારતના નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન સાથે સીધો સંબંધ ધરાવે છે. ગ્રીન હાઈડ્રોજન અને મિથેનોલના ઉત્પાદન દ્વારા ભારત પોતાની ઊર્જા સુરક્ષા મજબૂત બનાવી શકે છે અને વૈશ્વિક ઊર્જા બજારમાં મહત્વપૂર્ણ સ્થાન મેળવી શકે છે. કંડલા પોર્ટને ગ્રીન શિપિંગ કોરિડોર તરીકે વિકસાવવાનો પણ પ્લાન છે, જે ભારતને આંતરરાષ્ટ્રીય સ્તરે ગ્રીન ટ્રાન્સપોર્ટ નેટવર્કમાં જોડશે. આ ગ્રીન મિથેનોલ પ્લાન્ટ ભવિષ્યમાં વધુ મોટા પ્રોજેક્ટ્સ માટે માર્ગદર્શન પૂરું પાડશે. ભારતના અન્ય બંદરો અને ઔદ્યોગિક વિસ્તારોમાં પણ આવી જ ટેકનોલોજીનો ઉપયોગ થઈ શકે છે. આ પ્રોજેક્ટ દ્વારા ભારત ગ્રીન ફ્યુઅલના નિકાસકાર તરીકે પણ ઉભરાઈ શકે છે, જે દેશની અર્થવ્યવસ્થાને મજબૂત બનાવશે. કંડલા ખાતે સ્થાપિત થતો ગ્રીન મિથેનોલ પ્લાન્ટ માત્ર એક ઔદ્યોગિક પ્રોજેક્ટ નથી, પરંતુ તે ભારતના ગ્રીન ભવિષ્ય તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રોજેક્ટ ઊર્જા સુરક્ષા, પર્યાવરણ સંરક્ષણ અને આર્થિક વિકાસ વચ્ચે સંતુલન સ્થાપિત કરે છે. આ પહેલ દ્વારા ગુજરાત અને ભારત બંને ગ્રીન એનર્જી ક્ષેત્રે વૈશ્વિક નેતૃત્વ મેળવવાની દિશામાં આગળ વધી રહ્યા છે. ગ્રીન હાઈડ્રોજન અને મિથેનોલ જેવી ટેકનોલોજી ભવિષ્યમાં ઊર્જા ક્ષેત્રમાં ક્રાંતિ લાવી શકે છે અને વધુ સ્વચ્છ, સુરક્ષિત અને ટકાઉ વિશ્વની રચનામાં મહત્વપૂર્ણ યોગદાન આપી શકે છે.

**આ ટેકનોલોજી અને પર્યાવરણને શું લાભ થશે તથા રાષ્ટ્રના વિકાસમાં કેવો ભાગ ભજવશે. વર્તમાન ઉર્જા સમસ્યાના સમયમાં આ પ્લાન્ટ કેટલો ઉપયોગી છે તે જાણવું જરૂરી છે.**

## શબ્દ સંજોગ-૨૧૮૯



**આડી ચાવી :**
(૧) એક ઝાડ (૩)
(૪) પોતાની તરફ આકર્ષનારૂં (૩)
(૭) પડખુ, પાસુ (૪)
(૧૦) ટપકવાનો અવાજ (૨)
(૧૧) ઢોર, જનાવર (૨)
(૧૩) ગરમીમાં ...... વસ્ત્રો પહેરવા જોઈએ (૩)
(૧૪) એક પક્ષી, બખ્તર (૩)
(૧૭) રથયાત્રા આ મહિનામાં નિકળે (૩)
(૧૯) ઉત્સાહયુક્ત, જાગ્રત (૩)
(૨૧) અન્નનો .... ન કરો (૩)
(૨૩) રાજા કરે..... (૨)
(૨૪) એક જાતનું નેતર (૨)
(૨૬) ભીંડીની જાતનો એક છોડ (૨)
(૨૮) દિવસ, વાર (૩)
(૩૦) કલ્યાણ, શ્રેય (અ) (૨)
(૩૧) ઘટતી કિંમત કરવી તે (૩)
(૩૨) ભારતની એક નદી (૫)

**ઉભી ચાવી :**
(૧) રૂપાળાપણું (૩)
(૨) ગરદન, ડોકું (૨)
(૩) શરીરની ગરમી વધવાનો રોગ (૨)
(૫) બોરીયું, બુતાન (૩)
(૬) સ્પર્ધામાં વિજેતાને અપાતું પ્રતિક (૨)
(૮) એક તંતુ વાદ્ય (૩)
(૯) સહેજ સંકેત (૩)
(૧૨) સેવાચાકરી, બરદાશ (૩)
(૧૫) એક પક્ષી (૩)
(૧૬) મીંડુ, અનુસ્વાર (૨)
(૧૭) એક પાંડવ (૩)
(૧૮) પધ્ધતિ, રીત (૨)
(૧૯) ધાર કાઢવાનું યંત્ર (૩)
(૨૦) પ્રકાશ, પ્રખર (૨)
(૨૨) ઘેટુ (૩)
(૨૫) પંચ, પંચાતિયો (૩)
(૨૬) દારૂ, મદિરા (૩)
(૨૭) જાણકારી, ખબર (૩)
(૨૯) સરોવર (૨)
(૩૦) તમે, તુજ (૨)

## શબ્દ સંજોગ-૨૧૮૫ જવાબ

**આડી ચાવી :** (૧) અનાર (૪) નભાવ (૭) મનાઈ (૮) કવિ (૯) ક્ષતિ (૧૦) સકલ (૧૨) સમા (૧૪) રાખી (૧૬) પરિઘ (૧૮) અજ (૧૯) સંત (૨૦) રેવતી (૨૧) પંક (૨૨) સોડ (૨૩) તપ (૨૫) ટકો (૨૭) નારી (૨૯) રસી (૩૦) ગુજરાત (૩૧) ઢેલ. **ઉભી ચાવી :** (૧) અમલ (૨) નાના (૩) રઈસ (૪) નકલ (૫) ભાવિ (૬) મતિ (૯) ક્ષમા (૧૧) કક્ષ (૧૨) સખી (૧૩) અરિ (૧૪) રાજ (૧૫) અંત (૧૬) પલ્લું (૧૭) ઘરેડ (૧૮) અતીત (૧૯) સંકટ (૨૨) સોરી (૨૪) પરત (૨૬) કોયલ (૨૭) નાભી (૨૮) બોજ.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૫૧ | ૧૭૭૫ |
| ઘઉં લોકવન | ૪૪૩ | ૫૦૫ |
| ઘઉં ટુકડા | ૪૫૨ | ૫૯૦ |
| જુવાર સફેદ | ૮૦૦ | ૯૪૦ |
| જુવાર લાલ | ૮૫૦ | ૮૯૦ |
| જુવાર પીળી | ૪૨૦ | ૫૦૦ |
| બાજરી | ૨૫૦ | ૪૪૯ |
| મકાઇ | ૩૩૦ | ૩૮૬ |
| તુવેર | ૧૩૪૦ | ૧૫૧૦ |
| ચણા પીળા | ૯૨૫ | ૧૦૫૫ |
| ચણા દેશી | ૧૧૩૧ | ૧૭૫૦ |
| અડદ | ૧૩૦૦ | ૧૬૩૦ |
| મગ | ૧૧૭૪ | ૧૮૪૬ |
| વાલ દેશી | ૮૫૦ | ૯૯૦ |
| ચોળી | ૧૧૪૫ | ૧૧૮૬ |
| વટાણા | ૬૫૦ | ૧૦૬૦ |
| કળથી | ૩૦૬ | ૬૦૩ |
| રાજમા | ૬૫૦ | ૧૭૫૦ |
| સીંગદાણા | ૧૭૫૦ | ૧૮૯૦ |
| મગફળી જાડી | ૧૨૭૦ | ૧૫૧૦ |
| મગફળી જીણી | ૧૨૮૦ | ૧૫૮૦ |
| તલી | ૧૫૮૫ | ૨૧૧૩ |
| સુરજમુખી | ૧૦૦૮ | ૧૩૫૦ |
| એરંડા | ૧૦૯૫ | ૧૨૬૪ |
| અજમો | ૧૪૫૦ | ૨૩૬૦ |
| સુવા | ૧૨૦૦ | ૧૭૦૧ |
| સોયાબીન | ૮૧૨ | ૧૧૯૦ |
| સીંગફાડા | ૧૨૦૦ | ૧૬૦૦ |
| કાળા તલ | ૨૬૯૫ | ૩૫૨૦ |
| લસણ | ૭૧૦ | ૧૪૭૫ |
| ધાણા | ૨૨૨૫ | ૨૫૫૦ |
| મરચા સુકા | ૨૦૦૦ | ૬૪૦૦ |
| ધાણી | ૨૩૧૦ | ૨૭૨૬ |
| વરીયાળી | ૧૩૦૦ | ૨૨૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૧૦૫ |
| રાય | ૧૩૫૦ | ૧૪૫૦ |
| મેથી | ૧૧૦૦ | ૧૭૭૫ |
| ઇસબગુલ | ૧૫૯૯ | ૨૦૯૨ |
| અશેરીયો | ૯૪૫ | ૧૧૨૫ |
| કલોંજી | ૨૮૦૦ | ૩૪૯૫ |
| રાયડો | ૧૧૩૦ | ૧૨૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| કેરી કાચી | ૩૯૨ | ૬૪૪ |
| લીંબુ | ૧૮૮૩ | ૩૭૯૦ |
| સાકરટેટી | ૧૬૪ | ૩૦૪ |
| તરબુચ | ૧૧૪ | ૨૬૩ |
| પપૈયા | ૭૮ | ૧૫૮ |
| બટેટા | ૧૦૪ | ૨૪૮ |
| ડુંગળી સુકી | ૩૧ | ૨૨૨ |
| ટમેટા | ૨૦૯ | ૪૧૧ |
| સુરણ | ૮૦૪ | ૯૯૪ |
| કોથમરી | ૨૭૨ | ૪૦૮ |
| મુળા | ૩૬૯ | ૫૦૫ |
| રીંગણા | ૯૫ | ૨૮૪ |
| કોબીજ | ૮૫ | ૧૫૮ |
| ફ્લાવર | ૩૦૭ | ૫૩૯ |
| ભીંડો | ૧૨૧ | ૨૩૪ |
| ગુવાર | ૨૬૯ | ૫૬૬ |
| ચોળાસીંગ | ૩૭૧ | ૫૪૧ |
| ટીંડોળા | ૩૧૮ | ૫૮૮ |
| દુધી | ૭૮ | ૧૪૪ |
| કારેલા | ૨૮૧ | ૪૭૮ |
| સરગવો | ૨૭૨ | ૫૫૮ |
| તુરીયા | ૨૪૪ | ૪૦૨ |
| પરવર | ૫૮૨ | ૭૬૪ |
| કાકડી | ૧૫૬ | ૩૦૫ |
| ગાજર | ૨૧૪ | ૪૦૭ |
| વટાણા | ૧૪૨૪ | ૧૮૨૯ |
| ગલકા | ૧૪૪ | ૨૮૩ |
| બીટ | ૧૦૫ | ૨૦૯ |
| મેથી | ૪૨૬ | ૭૧૮ |
| ડુંગળી લીલી | ૨૨૪ | ૩૬૯ |
| આદુ | ૮૩૪ | ૧૦૫૨ |
| મરચા લીલા | ૪૦૯ | ૭૨૩ |
| મકાઇ લીલી | ૧૨૪ | ૨૪૬ |
| ગુંદા | ૨૫૨ | ૪૬૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૦૦ | ૫૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૩૦૦ |
| ગુવાર | ૧૦૦ | ૬૦૦ |
| કોબી | ૨૦ | ૨૪૦ |
| દુધી | ૪૦ | ૨૪૦ |
| ફ્લાવર | ૨૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૪૦ | ૪૦૦ |
| ભીંડો | ૧૦૦ | ૩૦૦ |
| ગલકા | ૧૦૦ | ૫૦૦ |
| ગાજર | ૮૦ | ૪૦૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૬૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૬૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૨૪૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૩૦૦ |
| કેરી કાચી | ૨૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૮૦ | ૨૫૦ |
| ડુંગળી પુરા | ૩ | ૬ |
| કોથમીર પુરા | ૧ | ૨ |
| ફ્રોદીનો પુરા | ૧ | ૩ |
| આંબલી | ૪૦૦ | ૮૦૦ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| ચૂણ | ૮૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૬૦૦ | ૮૦૦ |
| ગુંદા | ૧૮૦ | ૪૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૪૦૦૦ |
| મેથી પુરા | ૨ | ૧૧ |
| બીટ પુરા | ૮ | ૨૦ |
| સરગવો પુરા | ૧૫ | ૧૭ |
| ચોરા | ૨૦૦ | ૭૦૦ |
| કારેલા | ૧૦૦ | ૫૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૦૦૦ |
| મગફળી લીલી | ૫૦૦ | ૬૦૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૨૦૦ |
| આદુ | ૭૮૦ | ૧૧૦૦ |
| મકાઇ ડોડા | ૧૪૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૨૦ |
| પાલક પુરા | ૨ | ૫ |
| ગરમર | ૫૦૦ | ૮૦૦ |
| **અમરેલી** | | |
| શિંગ મોટી | ૧૧૫૦ | ૧૫૦૫ |
| શિંગદાણા ફાડા | ૧૫૮૦ | ૧૮૧૫ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૪૪૦ |
| તલ કાળા | ૧૫૩૦ | ૩૬૭૦ |
| તલ કાશમીરી | ૧૧૫૦ | ૧૯૯૫ |
| બાજરો | ૨૧૦ | ૩૭૦ |
| જુવાર | ૭૦૫ | ૮૧૦ |
| ઘઉં ટુકડા | ૩૯૫ | ૫૪૫ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૧૦ |
| મકાઈ | ૨૧૦ | ૩૬૦ |
| અડદ | ૯૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૯૦૦ | ૧૦૬૫ |
| સફેદ ચણા | ૯૩૦ | ૧૧૬૦ |
| છોલે ચણા | ૧૩૪૫ | ૧૭૦૫ |
| વટાણા | ૭૦૦ | ૭૦૦ |
| તુવેર | ૮૪૦ | ૧૪૯૦ |
| કપાસ | ૮૦૦ | ૧૮૭૫ |
| એરંડા | ૧૦૮૦ | ૧૨૪૦ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૨૫ |
| રાયડો | ૧૧૫૫ | ૧૧૭૫ |
| રાય | ૧૦૯૫ | ૧૨૦૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૫૯૦ |
| ધાણી | ૨૦૦૦ | ૨૯૦૫ |
| મેથી | ૯૦૦ | ૧૨૬૫ |
| સોયાબીન | ૯૭૫ | ૧૧૯૦ |
| મરચા લાંબા | ૩૯૦૦ | ૪૦૮૦ |
| વરીયાળી | ૧૫૫૦ | ૧૮૨૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૦૦ |
| રીંગણા | ૩૦૦ | ૬૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૩૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૨૬૦ |
| શકકરીયા | ૩૫૦ | ૪૦૦ |
| ટમેટાં | ૩૭૦ | ૪૬૦ |
| સુરણ | ૮૫૦ | ૯૫૦ |
| ગાજર | ૩૪૦ | ૪૪૦ |
| દુધી | ૧૧૦ | ૧૩૦ |
| કારેલા | ૩૦૦ | ૪૦૦ |
| ગલકા | ૧૫૦ | ૨૦૦ |
| ગુંદા | ૪૦૦ | ૫૫૦ |
| કાકડી | ૨૨૦ | ૩૧૦ |
| ગુવાર | ૩૦૦ | ૪૫૦ |
| કાચી કેરી | ૪૦૦ | ૮૦૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચોળા લીલા | ૩૦૦ | ૪૦૦ |
| તુરીયા | ૨૦૦ | ૩૦૦ |
| પાકી કેરી | ૧૨૦૦ | ૨૦૦૦ |
| ગરમર | ૭૨૦ | ૮૨૦ |
| ભીંડો | ૨૦૦ | ૨૫૦ |
| આદુ | ૧૧૫૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૩૦૦ | ૪૫૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફ્રોદીનો | ૩૫૦ | ૪૩૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૫૭૦ |
| બીટ | ૧૮૦ | ૨૯૦ |
| સરગવો | ૨૫૦ | ૪૦૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૬૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી સુકી | ૧૨૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૨૦૫૦ | ૨૫૫૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૨૦૫૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૩૦૦૦ | ૩૫૦૦ |
| મકાઇ | ૨૨૦ | ૨૯૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૦૦૦ | ૧૪૬૫ |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૫૨૦ |
| શીંગ ઉનાળુ | ૧૩૫૦ | ૧૫૨૬ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૨૭૫ |
| તલ કાળા | ૨૯૦૦ | ૩૪૮૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૩૯૭૦ |
| કપાસ | ૧૫૦૦ | ૧૮૪૯ |
| ઘઉં લોકવન | ૪૨૧ | ૪૮૦ |
| ઘઉં ટુકડા | ૪૩૦ | ૫૦૦ |
| બાજરો | --- | ૫૨૦ |
| જુવાર | ૬૦૦ | ૮૭૦ |
| મગ | --- | ૧૮૦૦ |
| ચણા | ૧૦૩૦ | ૧૦૬૧ |
| દેશી ચણા | ૧૦૪૦ | ૧૧૧૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૫૦ |
| એરડી | ૧૧૮૦ | ૧૨૨૨ |
| મેથી | ૧૨૦૦ | ૧૩૩૦ |
| રાય/રાયડો | --- | ૧૩૪૦ |
| ધાણા | ૨૧૦૦ | ૨૪૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૮૦ | ૧૬૦૧ |
| ઘઉં | ૪૨૩ | ૪૫૩ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૬ |
| જીરૂ | ૪૦૫૦ | ૪૦૫૦ |
| ધાણા | ૧૮૬૦ | ૨૪૫૫ |
| તુવેર | ૧૦૨૦ | ૧૩૫૦ |
| જુવાર | ૬૮૦ | ૬૮૦ |
| અડદ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ કાળા | ૨૫૦૦ | ૨૫૦૦ |
| શીંગ દાણા | ૧૫૬૦ | ૧૮૭૫ |
| રાઈ | ૧૦૯૦ | ૧૦૯૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ઘઉ લોકવન | ૩૬૭ | ૪૬૫ |
| ઘઉ ટુકડા | ૩૯૦ | ૪૪૬ |
| ચણા | ૯૦૦ | ૧૦૩૬ |
| ધાણા | ૨૦૩૦ | ૨૫૦૦ |
| એરંડી | ૧૧૪૦ | ૧૧૭૫ |
| તુવેર | ૮૦૦ | ૧૩૩૦ |
| તલ સફેદ | ૧૯૩૫ | ૧૯૩૫ |
| મગફળી | ૧૧૫૦ | ૧૩૦૦ |
| મગ | ૧૩૮૦ | ૧૩૮૦ |
| સોયાબીન | ૯૭૦ | ૧૦૬૦ |
| બાજરો | ૩૦૦ | ૩૦૦ |
| લશણ | ૧૯૦ | ૫૮૦ |
| શીંગફાડા | ૧૫૫૦ | ૧૬૪૦ |
| મેથી | ૧૧૨૫ | ૧૧૫૪ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૨૬ |
| કપાસ મીડીયમ | ૧૪૨૦ | ૧૫૯૦ |
| મગફળી | ૧૨૩૦ | ૧૪૮૦ |
| જીરૂ | ૩૦૯૦ | ૪૦૫૦ |
| ચણા | ૧૦૧૮ | ૧૦૬૨ |
| ઘઉ | ૪૫૫ | ૫૨૫ |
| એરંડા | ૧૦૨૫ | ૧૧૮૫ |
| તુવેર | ૧૨૨૦ | ૧૩૬૦ |
| તલ કાળા | ૨૭૮૦ | ૨૯૩૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૮૦૬ |
| ઘઉ | ૪૦૧ | ૪૮૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૬ |
| તુવેર | ૭૦૧ | ૧૪૯૧ |
| મગફળી | ૭૫૧ | ૧૪૨૬ |
| શિંગફાડા | ૧૩૦૧ | ૧૬૬૧ |
| તલ સફેદ | ૧૧૦૧ | ૧૯૦૧ |
| મેથી | ૮૦૧ | ૧૧૩૬ |
| જીરૂ | ૨૦૦૧ | ૩૫૫૧ |
| ધાણા | ૧૦૦૧ | ૨૫૨૬ |
| સોયાબીન | ૭૦૧ | ૧૧૩૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૦૦ | ૧૩૭૭ |
| બાજરી હાઈબ્રીડ | ૩૧૫ | ૫૧૭ |
| ઘઉં | ૪૧૧ | ૪૯૬ |
| રાય | ૧૨૦૦ | ૧૩૫૦ |
| રાયડો | ૧૦૫૦ | ૧૧૪૪ |
| તુવેર | ૮૦૦ | ૧૪૭૨ |
| જુવાર | ૬૦૦ | ૮૪૪ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૧૨ |
| મગ | ૧૩૦૦ | ૨૧૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૩૨૫ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૪૫ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૩૫ |
| ધાણા | ૨૦૦૦ | ૨૪૯૯ |
| કાંગ | ૪૨૧ | ૫૫૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૮૦૦ | ૮૪૫ |
| બાજરા | ૩૦૦ | ૪૦૦ |
| ઘઉં | ૪૦૦ | ૪૭૯ |
| તુવેર | ૧૦૦૦ | ૧૪૪૫ |
| વાલ | ૮૦૦ | ૧૧૦૦ |
| ચણા સફેદ | ૧૦૦૦ | ૧૬૮૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૫૦૦ |
| મગફળી જાડી | ૧૦૦૦ | ૧૩૭૫ |
| એરંડા | ૧૧૦૦ | ૧૨૩૪ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૩૦ |
| રાઈ | ૧૨૦૦ | ૧૪૨૫ |
| લસણ | ૭૭૫ | ૧૨૯૫ |
| કપાસ | ૧૨૦૦ | ૧૭૨૦ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૧૧૦ |
| અજમો | ૧૨૦૦ | ૩૦૬૦ |
| અજમાની ભૂસી | ૩૦ | ૨૪૦૦ |
| ધાણા | ૨૨૦૦ | ૨૫૭૦ |
| મરચા | ૨૨૦૦ | ૪૯૦૫ |
| ડુંગળી | ૮૦ | ૨૧૦ |
| વટાણા | ૭૦૦ | ૧૦૨૫ |
| કલોજી | ૧૦૦૦ | ૩૪૩૦ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૨૫૦ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૪૭૫ |
| કપાસ | ૧૨૫૦ | ૧૭૮૮ |
| બાજરો | ૩૦૦ | ૫૫૫ |
| ઘઉં ટુકડા | ૩૯૦ | ૪૭૬ |
| જુવાર | ૪૦૦ | ૯૩૫ |
| તુવેર | ૧૩૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૭૦૦ | ૧૦૫૫ |
| એરંડી | ૯૮૦ | ૧૧૧૧ |
| મેથી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| સોયાબીન | ૧૧૧૯ | ૧૧૧૯ |
| રાય | ૧૦૦૦ | ૧૩૫૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પ્રચારના અંતિમ દિવસે અમદાવાદમાં મુખ્યમંત્રી પટેલનો ભવ્ય રોડ-શો યોજાયો

**રોડ શોમાં સાંસદો અને ધારાસભ્યો ખાસ હાજર રહ્યાં**



અમદાવાદ,તા.૨૪

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારના છેલ્લા દિવસે અમદાવાદમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માની આગેવાનીમાં ભવ્ય રોડ-શોનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્યામ શિખર ચાર રસ્તાથી શરૂ થયેલો આ રોડ-શો બાપુનગર અને ઠક્કરબાપાનગર જેવા વિવિધ વિસ્તારોમાંથી પસાર થઈ ખોડિયાર મંદિર ખાતે સંપન્ન થયો હતો. આ પ્રસંગે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે ભાજપ હંમેશા જનતાની વચ્ચે રહીને કાર્ય કરતી પાર્ટી છે. સમગ્ર માર્ગ પર નાગરિકોએ પુષ્પવર્ષા કરીને નેતાઓનું ઉમળકાભેર સ્વાગત કર્યું હતું. કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો અને દેશભક્તિના નારાઓ સાથે વાતાવરણ કેસરીમય બની ગયું હતું. આ રોડ-શોમાં સાંસદ હસમુખ પટેલ સહિત અનેક ધારાસભ્યો અને આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. લોકોના આ સ્વયંભૂ સમર્થનને ભાજપના જંગી વિજયના સંકેત તરીકે જોવામાં આવી રહ્યો છે.

# અમરેલીના રાજમહેલની હરાજી મુદ્દે રાજકીય સંગ્રામ : પરેશ ધાનાણીનો સરકાર પર કટાક્ષ

અમરેલી,તા.૨૪



અમરેલીના ગાયકવાડી શાસનકાળના ઐતિહાસિક રાજમહેલને "હેરીટેજ હોટલ" બનાવવાના નામે હરાજીમાં મૂકવાના નિર્ણયથી વિવાદ વકર્યો છે. કોંગ્રેસ નેતા પરેશ ધાનાણીએ સોશિયલ મીડિયા પર કટાક્ષમય કવિતા દ્વારા સરકારને આડે હાથ લેતા જણાવ્યું છે કે આ અમરેલીના ગૌરવને ગીરવે મૂકવાની તૈયારી છે. તેમણે ખાસ કરીને મહાત્મા મૂળદાસના બેસણા ધરાવતા આ પવિત્ર અને ઐતિહાસિક સ્થળના વ્યાપારીકરણ સામે વાંધો ઉઠાવ્યો છે. ધાનાણીએ ચેતવણી આપી છે કે જો જનતા જાગૃત નહીં રહે તો આખું ગામ ગીરવે મુકાઈ જશે. આ સાથે જ તેમણે ચૂંટણી પંચ દ્વારા ગુનાહિત ઈતિહાસ ધરાવતા વ્યક્તિઓને એજન્ટ તરીકે નિમવાની છૂટ આપતા નિર્ણયની પણ આકરી ટીકા કરી છે. ધાનાણીના મતે આ નિર્ણય ગુજરાતને ગુંડાઓના હવાલે કરવા સમાન છે અને તે લોકશાહીની પારદર્શિતા સામે ગંભીર સવાલો ઊભા કરે છે. આ વિવાદ હવે સ્થાનિક અને રાજ્ય સ્તરે વ્યાપક ચર્ચાનો વિષય બન્યો છે.

**ઐતિહાસિક ધરોહર અને લોકશાહીના મૂલ્યો પર ખતરો : ધાનાણી**

# પક્ષ વિરોધી પ્રવૃતિ બદલ ગીર સોમનાથ જિલ્લાના ૧ ૩ હોદ્દેદારોને કરાયા સસપેન્ડ

વેરાવળ,તા.૨૪

ગીર સોમનાથ જિલ્લામાં ભાજપ દ્વારા પક્ષવિરોધી પ્રવૃત્તિ સામે કડક કાર્યવાહી કરતાં ૧૩ હોદ્દેદારોને ૬ વર્ષ માટે સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જિલ્લા ભાજપ પ્રમુખ ડો. સંજય કે. પરમારે આ અંગેનો સત્તાવાર નિર્ણય જાહેર કરતાં જણાવ્યું કે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી દરમિયાન આ સભ્યોની પ્રવૃત્તિઓ પક્ષના હિત અને પ્રતિષ્ઠાને નુકસાનકારક હતી. તેથી તેમને પ્રાથમિક સભ્યપદ તેમજ તમામ હોદ્દાઓ પરથી તાત્કાલિક અસરથી દૂર કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ થયેલા સભ્યોમાં કોડીનાર પંથકના જેઠાભાઈ સોલંકી, સુનીલભાઈ રાઠોડ, ભીખા કાળા ગોહિલ, મહેશ મોરી, મનહર મોરી અને ભરતભાઈ બારડ સહિતનાઓનો સમાવેશ થાય છે. ઉપરાંત તાલાલા અને વેરાવળ વિસ્તારના કેટલાક કાર્યકરો સામે પણ કાર્યવાહી કરવામાં આવી છે.

આ નિર્ણય પ્રદેશ નેતૃત્વના માર્ગદર્શન હેઠળ લેવામાં આવ્યો હોવાનું જણાવાયું છે. આ ઘટનાથી જિલ્લામાં રાજકીય વર્તુળોમાં ચકચાર મચી છે

# સા.કુંડલા શહેર માટે મહેશ કસવાળાએ સંકલ્પપત્ર જાહેર કર્યો

સાવરકુંડલા,તા.૨૪



સાવરકુંડલા નગરપાલિકાની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના સંદર્ભમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા શહેરના નવનિર્માણ માટે એક મહત્વપૂર્ણ સંકલ્પ પત્ર જાહેર કરવામાં આવ્યો છે. આ પત્રમાં શહેરને રેલવે ફાટક મુક્ત બનાવવાની સાથે બાળકો માટે આધુનિક ચિલ્ડ્રન પાર્ક અને યુવાનો માટે વાતાનુકૂલિત સેન્ટ્રલ લાઈબ્રેરી જેવી મહત્વકાંક્ષી યોજનાઓ રજૂ કરવામાં આવી છે. નાગરિકોની સુવિધા માટે પાર્ટી પ્લોટ, આધુનિક શાક માર્કેટ અને ક્રિકેટ ગ્રાઉન્ડ જેવી સગવડો ઉભી કરવાનો સંકલ્પ લેવાયો છે. શહેરી સુંદરતા અને પર્યાવરણની જાળવણી માટે ૩૦૦૦ વૃક્ષોના વાવેતર સાથે ગ્રીન કવર વધારવા અને વિવિધ વિસ્તારોમાં આઈકોનિક તેમજ ડસ્ટ-ફ્રી રોડના નિર્માણ પર ભાર મૂકવામાં આવ્યો છે. જનતા બાગનું નવીનીકરણ અને સરદાર પટેલની ભવ્ય પ્રતિમા શહેરના આકર્ષણમાં વધારો કરશે.

આ ઉપરાંત, પીવાના પાણીની સમસ્યાના કાયમી ઉકેલ માટે હાથસણી ડેમ અને નર્મદા નીર પહોંચાડવાની મહત્વની ખાતરી આપવામાં આવી છે. કે.કે. હોસ્પિટલના આધુનિકીકરણ અને આધુનિક ફાયર સ્ટેશનની સ્થાપના દ્વારા ભાજપે સાવરકુંડલાના સુરક્ષિત અને સમૃધ્ધ ભવિષ્યનો મજબૂત રોડમેપ રજૂ કર્યો છે.

# રાજકોટમાં ભાજપની બાઈક રેલીમાં ટ્રાફિક નિયમોના લીરેલીરા ઉડ્યા

**નિયમોનું ઉલ્લંઘન અને વહીવટી તંત્રની નિષ્ક્રિયતા સામે જનાક્રોશ**

રાજકોટ,તા.૨૪

રાજકોટમાં ચૂંટણી પ્રચારના અંતિમ દિવસે ભાજપ દ્વારા આયોજિત ભવ્ય બાઈક રેલી વિવાદોના ઘેરામાં આવી છે. શહેરના વોર્ડ નંબર ૩મા ઈશ્વરી ગામથી શરૂ થયેલી આ રેલીમાં કાર્યકરો અને નેતાઓ ચૂંટણીના જોશમાં ટ્રાફિકના પાયાના નિયમો સાવ ભૂલી ગયા હતા. આશ્ચર્યની વાત એ છે કે રેલીમાં સામેલ સેંકડો ટુ-વ્હીલર ચાલકોમાંથી એક પણ વ્યક્તિએ હેલ્મેટ પહેર્યું નહોતું. સામાન્ય જનતા જ્યારે હેલ્મેટ વગર નીકળે ત્યારે સીસીટીવી દ્વારા તાત્કાલિક ઈ-મેમો ફટકારતું તંત્ર આટલી મોટી સંખ્યામાં થતા નિયમભંગ સામે મૌન સેવી રહ્યું હોય તેવું જણાય છે, જેના કારણે લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

# ગીરગઢડાના ખિલાવડ ગામે ગેરકાયદે સિંહ દર્શન માટે આવેલા યુવાનોને દંડ

ઉના,તા.૨૪

ગીરગઢડા તાલુકાના ખિલાવડ નજીક જંગલ વિસ્તારમાં ગેરકાયદેસર રીતે સિંહદર્શન કરવાના ઈરાદે પ્રવેશ કરનાર ત્રણ યુવાનોને વનવિભાગે ઝડપી પાડ્યા છે. નાયબ વન સંરક્ષક અને મદદનીશ વન સંરક્ષકની સૂચના મુજબ જસાધાર રેન્જમાં નાઈટ પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ દરમિયાન ખિલાવડ ગામ પાસેના અભયારણ્યમાં ચોરીછૂપીથી પ્રવેશેલા ખાપટ ગામના પાર્થ બારૈયા તેમજ ઉનાના કમલેશ બાંભણીયા અને પ્રથમ વાજાને વનકર્મીઓએ પકડી લીધા હતા.

વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ હેઠળ આ ત્રણેય યુવાનો પાસેથી કુલ રૂ.૭૫,૦૦૦નો દંડ વસૂલ કરવામાં આવ્યો છે. આર.એફ.ઓ. કે.સી. ચૌહાણે લોકોને અપીલ કરી છે કે વન્યપ્રાણીઓને પજવણી કરવી કે ગેરકાયદેસર લાયન શો કરવો એ ગંભીર ગુનો છે અને તેનાથી બચવું જોઈએ.

જંગલની મર્યાદા જાળવવી એ દરેક નાગરિકની ફરજ છે અને નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાયદાકીય પગલાં ભરવામાં આવશે તેવું વનવિભાગ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

**વનવિભાગ દ્વારા ત્રણ યુવાનોને રૂા.૭૫૦૦૦નો દંડ ફટકારવામાં આવ્યો**

# ધોરાજીમાં ખોદાયેલા રસ્તાઓએ વેપારીઓ અને જનતાની કમર તોડી

**ધીમી ગતિએ ચાલતી કામગીરી અને તંત્રની ઉદાસીનતા સામે લોકોમાં ભારે રોષ**

ધોરાજી,તા.૨૪



ધોરાજીના સરદાર ચોકથી જેતપુર રોડ અને ગેલેક્સી ચોક વિસ્તારમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાયેલી સીસી રોડની કામગીરી હાલ સ્થાનિકો માટે આશીર્વાદને બદલે શ્રાપ સમાન સાબિત થઈ રહી છે. છેલ્લા ૧૫ વર્ષથી ભૂગર્ભ ગટરના પ્રશ્નોથી ઝઝૂમતી જનતા પર હવે ગોકળગાયની ગતિએ ચાલતા રોડના કામનો બોજ પડ્યો છે. નિયમ મુજબ કાટમાળનો તાત્કાલિક નિકાલ કરવાને બદલે દુકાનોની સામે ઢગલા કરી દેવાતા વેપારીઓના ધંધા-રોજગાર છેલ્લા બે મહિનાથી સંપૂર્ણ ઠપ્પ થઈ ગયા છે. ગેલેક્સી ચોક જેવા સંવેદનશીલ વિસ્તારમાં હોસ્પિટલો હોવા છતાં રસ્તાઓ ખોદીને કામગીરી અધ્ધરતાલ છોડી દેવાતા દર્દીઓને પણ ભારે હાલાકી વેઠવી પડી રહી છે. તંત્ર અને રાજકીય નેતાઓની નિષ્ક્રિયતાને કારણે કોન્ટ્રાક્ટરો બેફામ બન્યા હોય તેવી લોકચર્ચાઓએ જોર પકડ્યું છે.

# ધોરાજીમાં હઝરત જમાલશાહ બાવા અને હઝરત જુસબશાહ બાવાનો ઉર્ષ યોજાયો

ધોરાજી,તા.૨૪



ધોરાજીમાં હજરત સાંય જમાલશાહ બાવા અને હઝરત જુસબશાહ બાવાનો ઉર્ષ મુબારક અત્યંત શાન-ઓ-શૌકત સાથે ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે સંદલ શરીફ અને ન્યાઝ સહિતના અનેકવિધ ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. ઉર્ષના ચાર દિવસ દરમિયાન મગરીબની નમાઝ બાદ ન્યાઝ તથા રાત્રિના સમયે મિલાદ શરીફનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ૨ માહે જીલ્કાદના રોજ બાજીનશાહ મસ્જીદથી નીકળેલા ભવ્ય સંદલ શરીફમાં મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડ્યા હતા અને શ્રધ્ધાપૂર્વક દર્શનનો લાભ લીધો હતો.

# આલીદર જિલ્લા પંચાયતના કોંગ્રેસ ઉમેદવાર વિરૂધ્ધ પાણી ચોરીની ફરિયાદ

કોડીનાર,તા.૨૪

કોડીનારના ઘાંટવડથી મૂળદ્વારકા જતી ગુજરાત પાણી પુરવઠા બોર્ડની મુખ્ય પાઈપલાઈનમાં ભંગાણ કરી પાણી ચોરી કરવા બદલ આલીદર જિલ્લા પંચાયતના કોંગ્રેસ ઉમેદવાર ભીખાભાઈ કાળાભાઈ ગોહીલ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. આરોપીએ છેલ્લા ૧૦ વર્ષના લાંબા સમયગાળા દરમિયાન પોતાના અંગત ફાયદા માટે ગેરકાયદેસર જોડાણ મેળવી અંદાજે ૧૫૧ મિલિયન લીટર પાણીની ચોરી કરી હોવાનું સામે આવ્યું છે, જેની અંદાજિત કિંમત ૩.૦૨ લાખ રૂપિયા થાય છે. આ ઉપરાંત સરકારી મિલકતને નુકસાન પહોંચાડવા બદલ પાણી પુરવઠા વિભાગના અધિકારીની ફરિયાદને આધારે કોડીનાર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિશ્વ મેલેરીયા દિન નિમિત્તે કડોદરા ખાતે વિશેષ કાર્યક્રમ યોજાયો

કોડીનાર,તા.૨૪



તસવીર : ધર્મેશ પાઠક

'વિશ્વ મેલેરિયા દિવસ' નિમિત્તે કડોદરા ખાતે આરોગ્ય વિભાગ દ્વારા મેલેરિયા નાબૂદીના દ્રઢ સંકલ્પ સાથે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષની થીમ "Driven to End Malaria: Now We Can. Now We Must" ને સાર્થક કરવા માટે સ્થાનિક આરોગ્ય ટીમ દ્વારા જૈવિક પધ્ધતિથી મચ્છરોના પોરાનો નાશ કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. જે અંતર્ગત ગામના જાહેર પાણીના ટાંકાઓ અને ભરાયેલા પાણીના સ્ત્રોતોમાં 'ગપ્પી માછલી' મૂકવામાં આવી હતી. ગપ્પી માછલી કુદરતી રીતે મચ્છરના પોરા ખાઈ જાય છે, જેથી કેમિકલના ઉપયોગ વગર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય છે. આ તકે આરોગ્ય કાર્યકરોએ ગ્રામજનોને પાણીના પાત્રો ખુલ્લા ન રાખવા અને સ્વચ્છતા જાળવવા માર્ગદર્શન આપી 'મેલેરિયા મુક્ત ગુજરાત' અભિયાનમાં સહભાગી થવા અપીલ કરી હતી.

# કોલીથડ જિલ્લા પંચાયતની બેઠકના કોંગી ઉમેદવારે કેસરીયો ધારણ કર્યો

ગોંડલ,તા.૨૪



તસવીર : ભોજાણી દેવાંગ

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીનો માહોલ બરાબર જામ્યો છે ત્યારે રાજકોટના ગોંડલ પંથકમાં કોંગ્રેસને જોરદાર આંચકો લાગ્યો છે. મતદાનના ગણતરીના દિવસો બાકી છે ત્યારે જ કોલીથડ જિલ્લા પંચાયત બેઠકના કોંગ્રેસના અધિકૃત ઉમેદવાર શૈલેષભાઈ શિવાભાઈ મકવાણાએ પક્ષ પલટો કરીને કેસરિયો ધારણ કર્યો છે. રિબડા ખાતે યોજાયેલી એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સમાં રાજદીપસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં તેઓ વિધિવત રીતે ભાજપમાં જોડાયા હતા. રાજદીપસિંહ જાડેજાએ શૈલેષભાઈને ભાજપનો ખેસ પહેરાવી પક્ષમાં આવકાર્યા હતા. આ પૂર્વે રાજદીપસિંહ જાડેજા દાળિયા તાલુકા પંચાયતની બેઠક બિનહરીફ કરાવવામાં સફળ રહ્યા હતા, ત્યારબાદ હવે જિલ્લા પંચાયત બેઠક પર પણ કોંગ્રેસ નબળી પડી છે. શૈલેષભાઈએ જણાવ્યું હતું કે ભાજપ સરકારના ગ્રામ્ય વિકાસના કાર્યોથી પ્રભાવિત થઈને તેમણે આ નિર્ણય લીધો છે.

# ઉનાના સૈયદ રાજપરા ગામનો માથાભારે શખ્સ પાસા તળે ભુજ જેલમાં ધકેલાયો

ઉના,તા.૨૪



તસવીર : કૈલાશ ભટ્ટ


ઉના તાલુકાના સૈયદ રાજપરા ગામમાં આતંકનો પર્યાય બનેલા પ્રકાશ ઉર્ફે ડાકુ છગનભાઈ બાંભણિયા સામે કલેક્ટર એન.વી. ઉપાધ્યાય દ્વારા પાસા હેઠળ કડક કાર્યવાહી કરવામાં આવી છે. અઠ્ઠાવીસ વર્ષીય આ શખ્સ પોતાની સંગઠિત ગેંગ બનાવીને નિર્દોષ લોકોમાં સતત ભયનો માહોલ પેદા કરતો હતો. તેની સામે નવાબંદર મરીન પોલીસ સ્ટેશનમાં લોખંડના પાઈપ અને તલવાર જેવા ઘાતક હથિયારો વડે ગંભીર ઈજાઓ પહોંચાડવાના ત્રણ ગુનાઓ નોંધાયેલા છે. આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ નિર્ભય અને નિષ્પક્ષ વાતાવરણમાં યોજાય તે હેતુથી પોલીસ અધિક્ષકની દરખાસ્તને આધારે કલેક્ટરે અટકાયતનો હુકમ કર્યો હતો. આ કાર્યવાહી બાદ આરોપીની ધરપકડ કરી તેને તાત્કાલિક અસરથી ભુજ જેલ હવાલે કરી દેવામાં આવ્યો છે. તંત્રના આ કડક વલણથી વિસ્તારના અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

**પોલીસની કડક કાર્યવાહીથી અસમાજિક તત્વોમાં ફફડાટ ફેલાયો**

# ટિહરી ગઢવાલમાં ગમખ્વાર અકસ્માત: ઉંડી ખીણમાં વાહન ખાબકતા ૮ શ્રધ્ધાળુઓના મોત

(એચ.એસ.એલ),દહેરાદુન,તા.૨૪

ઉત્તરાખંડના ટિહરી ગઢવાલ જિલ્લામાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના બની છે, જેમાં નાયલ-કોટી કોલોની રોડ પર એક વાહન અનિયંત્રિત થઈને ૩૦૦ મીટર ઊંડી ખીણમાં ખાબક્યું હતું. આ ભયાનક અકસ્માતમાં ૮ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે, જ્યારે બે વ્યક્તિઓ ગંભીર રીતે ઘાયલ થઈ છે. તમામ મૃતકો ઘંસાલી વિસ્તારના



થેઓલ્ડધર ગામના વતની હતા અને હરિદ્વાર ખાતે અંતિમ સંસ્કારની વિધિ પૂર્ણ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના ઘટી હતી.જિલ્લા મેજિસ્ટ્રેટ નીતિકા ખંડેલવાલના જણાવ્યા અનુસાર, પ્રાથમિક તપાસમાં ડ્રાઈવરને ઊંઘનું જોકું આવી જતાં વાહન પરથી કાબુ ગુમાવ્યો હોવાનું જણાય છે. એસડીઆરએફ અને પોલીસની ટીમોએ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી અને ઘાયલોને સારવાર અર્થે બૌરારી હોસ્પિટલમાં ખસેડ્યા હતા. મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીએ આ ઘટના પર ઊંડો શોક વ્યક્ત કરતા મૃતકોના આત્માની શાંતિ માટે પ્રાર્થના કરી છે અને વહીવટીતંત્રને ઘાયલોની શ્રેષ્ઠ સારવાર કરવાના આદેશ આપ્યા છે.

# સિંધુ જળ સંધિ પર ભારતના કડક વલણની પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્રમાં રજૂઆત કરી

**વ્યૂહાત્મક દબાણ અને આંતરરાષ્ટ્રીય મંચ પર પાકિસ્તાનની રજૂઆત**

નવીદિલ્હી,તા.૨૪

ભારતે સિંધુ જળ સંધિના અમલીકરણને અસ્થાયી રૂપે સ્થગિત કરવાનો ઐતિહાસિક નિર્ણય લેતા પાકિસ્તાનમાં ફફડાટ વ્યાપી ગયો છે. પહેલગામ આતંકવાદી



હુમલાના વળતા જવાબમાં ભારતે સ્પષ્ટ કર્યું છે કે આતંકવાદ અને જળ સહયોગ એકસાથે ચાલી શકે નહીં. આ કડક વલણથી ગભરાઈને પાકિસ્તાને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ધા નાખી છે અને આ નિર્ણયને પ્રાદેશિક શાંતિ માટે ખતરો ગણાવ્યો છે. દાયકાઓથી ચાલી આવતી આ સંધિ પર ભારતે પ્રથમ વખત આકરો પ્રહાર કર્યો છે જેનાથી પાકિસ્તાનની જળ સુરક્ષા પર સંકટના વાદળો ઘેરાયા છે. આંતરરાષ્ટ્રીય વિશ્લેષકો માને છે કે ભારતે હવે પાણીને એક શક્તિશાળી વ્યૂહાત્મક હથિયાર તરીકે વાપરવાનું શરૂ કર્યું છે જે પાકિસ્તાનને આતંકવાદ છોડવા મજબૂર કરી શકે છે.

# ગુવાહાટી હાઈકોર્ટે જામીન અરજી ફગાવતા પવન ખેરાની મુશ્કેલી વધી

ગોવાહાટી,તા.૨૪

ગુવાહાટી હાઈકોર્ટે કોંગ્રેસ નેતા પવન ખેરાની વચગાળાની જામીન અરજી ફગાવી દેતા તેમની ધરપકડની શક્યતાઓ વધી છે. આસામના મુખ્યમંત્રી હિમંત બિસ્વા શર્માના પત્ની રિંકી ભુઈયાન વિરુધ્ધ ગંભીર આરોપો લગાવવા બદલ ખેરા સામે ગુનાહિત કેસ નોંધાયો છે. કોર્ટમાં વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવીએ દલીલ કરી હતી કે આ રાજકીય બદલાની કાર્યવાહી છે અને ખેરા દેશ છોડી ભાગી જાય તેમ નથી. જોકે, એડવોકેટ જનરલે દલીલ કરી કે આ માત્ર માનહાનિનો કેસ નથી પરંતુ દસ્તાવેજોની બનાવટ અને છેતરપિંડીનો ગંભીર મામલો છે. લાંબી સુનાવણી બાદ જસ્ટિસ પાર્થિવ જ્યોતિ સૈકિયાની બેન્ચે રાહત આપવાનો ઈનકાર કર્યો હતો. અગાઉ તેલંગાણા હાઈકોર્ટ દ્વારા અપાયેલા ટ્રાન્ઝિટ જામીન પર પણ સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો હતો.

# પશ્ચિમ બંગાળમાં થયેલા ઐતિહાસિક મતદાનથી સુપ્રિમ કોર્ટે પણ ખુશી વ્યકત કરી

**ભારે મતદાન અને ન્યાયિક હસ્તક્ષેપ વચ્ચે લોકશાહીનો ઉત્સવ**

નવીદિલ્હી,તા.૨૪

પશ્ચિમ બંગાળમાં ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં ૯૨.૮૮% જેટલું અભૂતપૂર્વ મતદાન નોંધાયું છે, જે ભારતીય લોકશાહીના ઈતિહાસમાં એક નવો



રેકોર્ડ પ્રસ્થાપિત કરે છે. આ આંકડાઓથી ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને સોલિસિટર જનરલ તુષાર મહેતાએ પણ ખુશી વ્યક્ત કરી છે. ખાસ કરીને કેન્દ્રીય સુરક્ષા દળો દ્વારા જાળવવામાં આવેલી શાંતિ અને વ્યવસ્થાને કારણે આટલું ઊંચું મતદાન શક્ય બન્યું હોવાનું માનવામાં આવે છે. બીજી તરફ, સુપ્રીમ કોર્ટે મતદાર યાદીમાંથી બાકાત રહી ગયેલા નાગરિકો માટે ટ્રિબ્યુનલનો સંપર્ક કરવાની સુવિધા આપી છે, જેથી કોઈ પણ પાત્ર મતદાર પોતાના અધિકારથી વંચિત ન રહે. કોર્ટે તાત્કાલિક સુનાવણીની જોગવાઈ કરીને ન્યાયિક પ્રક્રિયાને વેગ આપવા પણ નિર્દેશ આપ્યો છે.

# પં.બંગાળમાં પ્રધાનમંત્રી મોદીએ હુગલી નદીમાં બોટ સવારી કરી



કોલકાત્તા,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તાજેતરમાં પશ્ચિમ બંગાળના પ્રવાસ દરમિયાન હુગલી નદીમાં બોટ સવારીનો આનંદ માણ્યો હતો. આ પ્રવાસ દરમિયાન પીએમ મોદીએ માત્ર કુદરતી સૌંદર્યને માણ્યું એટલું જ નહીં, પરંતુ પોતાના કેમેરાથી ફોટોગ્રાફી પણ કરી હતી. તેમણે સ્થાનિક નાવિકો સાથે આત્મીયતાથી વાતચીત કરી અને તેમની મહેનતના પ્રતિક રૂપે એક હજાર રૂપિયાની ભેટ આપી હતી. સોશિયલ મીડિયા પર આ પળોને શેર કરતા તેમણે ગંગા નદીને બંગાળના આત્મા સમાન ગણાવી હતી.

# જૈશ-એ-મોહમ્મદમાં ભંગાણના એંધાણ, મસૂદ અઝહર મૃત્યુ પામ્યો હોવાની અફવા

નવીદિલ્હી,તા.૨૪

આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદમાં હાલ ભારે અજંપો જોવા મળી રહ્યો છે, કારણ કે તેના વડા મસૂદ અઝહરના રહસ્યમય ગુમ થવાથી સંગઠનમાં આંતરિક વિખવાદ અને બળવાની સ્થિતિ સર્જાઈ છે. અહેવાલો મુજબ મસૂદ અઝહર લાંબા સમયથી સભ્યોની વચ્ચે દેખાયો નથી, જેના કારણે તેની ગંભીર બીમારી અથવા



મૃત્યુ અંગેની અફવાઓ તેજ બની છે. ભારતીય સેનાના 'ઓપરેશન સિંદૂર' દરમિયાન પોતાના નજીકના સગાંઓને ગુમાવ્યા બાદ તે માનસિક રીતે તૂટી ગયો હોવાનું મનાય છે. જે આતંકી વડો એક સમયે ઉગ્ર ભાષણો દ્વારા નવા ભરતી થયેલા યુવાનોને ઉશ્કેરતો હતો, તે હવે સંપૂર્ણપણે એકલવાયું જીવન જીવી રહ્યો છે. આ પરિસ્થિતિને કારણે સંગઠનના સભ્યોમાં નેતૃત્વ પ્રત્યે અવિશ્વાસ વધ્યો છે. ટોચના કમાન્ડરો મસૂદની નબળી હાલત છુપાવવા મથામણ કરી રહ્યા છે, પરંતુ સતત યોજાતી પ્રાર્થના સભાઓ તેની કથળતી હાલતની સાક્ષી પૂરે છે. નેતૃત્વના અભાવે સંગઠનમાં ભરતી પ્રક્રિયા પણ નબળી પડી છે અને જૂના આતંકીઓમાં ભારે અસંતોષ વ્યાપ્યો છે.

# બ્રિટિશ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર પોવેલની એસ.જયશંકર અને અજીત ડોભાલ સાથે ચર્ચા

નવીદિલ્હી,તા.૨૪

બ્રિટિશ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર જોનાથન પોવેલ હાલમાં ભારતની મહત્વપૂર્ણ મુલાકાતે છે, જ્યાં તેમણે નવી દિલ્હીમાં ભારતીય વિદેશ મંત્રી એસ. જયશંકર અને NSA અજીત ડોભાલ સાથે ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી હતી. આ મુલાકાતનો મુખ્ય ઉદ્દેશ્ય બંને દેશો વચ્ચેના સંરક્ષણ અને સુરક્ષા સહયોગને વધુ




ગાઢ બનાવવાનો છે. આ સંવાદ દરમિયાન પ્રાદેશિક અને વૈશ્વિક સુરક્ષાના પડકારો પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. ખાસ કરીને ૨૪ જુલાઈ ૨૦૨૫ના રોજ લંડનમાં મંજૂર થયેલા 'ભારત-યુકે વિઝન ૨૦૩૫' પર ભાર મૂકવામાં આવ્યો હતો, જે આગામી દાયકા માટે બંને રાષ્ટ્રોની ભાગીદારીની દિશા નક્કી કરે છે. આ વિઝન ૨૦૩૫ હેઠળ બંને દેશો પરસ્પર વિકાસ, સમૃદ્ધિ અને સુરક્ષિત વિશ્વના નિર્માણ માટે પ્રતિબધ્ધ્ છે. આ વ્યૂહાત્મક મંત્રણાઓ સાબિત કરે છે કે બદલાતા વૈશ્વિક પ્રવાહો વચ્ચે ભારત અને બ્રિટન વચ્ચેનો વિશ્વાસ અને સહકાર મજબૂત થઈ રહ્યો છે, જે ભવિષ્યમાં નવી તકોના દ્વાર ખોલશે.

# જલંધરમાં ૧૬ વર્ષના કિશોરે ૧૫ વર્ષની સગીરાને માતા બનાવતા ચકચાર મચી

(એચ.એસ.એલ),જલંધર,તા.૨૪

પંજાબના જલંધરમાં એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જ્યાં ૯માં ધોરણમાં ભણતી ૧૫ વર્ષની સગીરાએ હોસ્પિટલમાં બાળકને જન્મ આપ્યો છે.

કિશોરીએ પેટમાં દુખાવાની ફરિયાદ કરતા તેને સારવાર માટે ખસેડાઈ હતી, જ્યાં તબીબી તપાસમાં તે ગર્ભવતી



હોવાનું બહાર આવ્યું હતું. પૂછપરછ દરમિયાન પીડિતાએ જણાવ્યું કે અમૃતસરમાં રહેતા એક ૧૬ વર્ષના કિશોરે તેની સાથે બળાત્કાર કર્યો હતો. આ ઘટના અન્ય શહેરમાં બની હોવાથી પોલીસે 'ઝીરો એફઆઈઆર' નોંધી તપાસ શરૂ કરી છે. હાલ આરોપી વિરુધ્ધ પોસ્કો એક્ટ અને બીએનએસની કલમો હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મમતા બેનર્જીનો ભાજપ પર પ્રહાર, બંગાળ બાદ દિલ્હી જીતવાનો નિર્ધાર

(એચ.એસ.એલ),કોલકતા,તા.૨૪

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ ભાજપ વિરુદ્ધ આક્રમક વલણ અપનાવતા જાહેર કર્યું છે કે બંગાળમાં જીત મેળવ્યા બાદ તેમનું આગામી લક્ષ્ય દિલ્હી પર કબજો કરવાનું છે. કોલકાતામાં એક કાર્યક્રમ દરમિયાન તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ બંગાળની ધરતી પર જન્મી છે અને ત્યાં જ અંતિમ શ્વાસ લેશે, પરંતુ દેશના રાજકારણમાંથી ભાજપને દૂર કરવા માટે તેઓ મક્કમ છે. તેમણે આક્ષેપ કર્યો કે ભાજપ સત્તાનો દુરુપયોગ કરીને અધિકારીઓની નિમણૂક કરી રહ્યું છે. બીજી તરફ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પ્રથમ તબક્કાના શાંતિપૂર્ણ અને રેકોર્ડ મતદાન બદલ જનતાનો આભાર માનતા દાવો કર્યો હતો કે બંગાળની જનતાએ આ વખતે પરિવર્તન માટે ઉત્સાહપૂર્વક મતદાન કર્યું છે.

# નીતિન ગડકરીને જાનથી મારી નાખવાની ધમકી આપનાર નાગપુરના યુવકની ધરપકડ

(એચ.એસ.એલ),નાગપુર,તા.૨૪

કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરી અને તેમના પરિવારને સોશિયલ મીડિયા દ્વારા જાનથી મારી નાખવાની ધમકી આપવાના મામલે નાગપુર પોલીસે આયુષ અગ્રવાલ નામના શખ્સની ધરપકડ કરી છે. આ ઘટના ત્યારે પ્રકાશમાં આવી જ્યારે અખિલ ભારતીય હિન્દુ મહાસભાના રાષ્ટ્રીય પ્રમુખ સુમિત કુમાર



ચૌહાણે ફેસબુક પર 'સનાતની શેર' નામના એકાઉન્ટ પરથી અપલોડ થયેલો ઉશ્કેરણીજનક વીડિયો જોયો. આ વીડિયોમાં ગડકરી પરિવાર વિરુધ્ધ અપમાનજનક ભાષા અને ગંભીર ધમકીઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પોલીસે તપાસ હાથ ધરીને જાણ્યું કે આયુષે નકલી આઈડીનો ઉપયોગ કરીને ધાર્મિક લાગણીઓ દુભાવવા અને તણાવ પેદા કરવાના હેતુથી આ સામગ્રી પોસ્ટ કરી હતી, જેના પગલે ધંતોલી પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે.


# બંગાળ ચૂંટણીમાં સત્તા પરિવર્તન થવાનો સંકેત આપતા ગૃહમંત્રી અમિત શાહ

**ભાજપની બહુમતી અને મમતા બેનર્જીની વિદાય અંગેની રાજકીય આગાહી કરાઈ**

(એચ.એસ.એલ),કોલકાતા,તા.૨૪

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કોલકાતામાં યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં પશ્ચિમ બંગાળની ચૂંટણીના પ્રથમ તબક્કાના મતદાન બાદ ભાજપની જીતનો મક્કમ દાવો કર્યો છે. તેમણે જણાવ્યું કે પ્રથમ તબક્કામાં થયેલું શાંતિપૂર્ણ અને ભારે મતદાન એ બંગાળની જનતાની ભયથી વિશ્વાસ તરફની સફરની શરૂઆત છે. શાહે દાવો કર્યો હતો કે પ્રથમ તબક્કાની ૧૫૨ બેઠકોમાંથી ભાજપ ૧૧૦ બેઠકો પર વિજય મેળવશે અને રાજ્યમાં પૂર્ણ બહુમતી સાથે સરકાર બનાવશે.

તેમણે સ્પષ્ટતા કરી કે બંગાળના આગામી મુખ્યમંત્રી કોઈ બહારની વ્યક્તિ નહીં



પરંતુ બંગાળમાં જન્મેલા અને બંગાળી ભાષી નેતા જ હશે. મમતા બેનર્જી પર પ્રહાર કરતા તેમણે કહ્યું કે હવે તૃણમૂલ કોંગ્રેસનું શાસન પૂરું થવા જઈ રહ્યું છે અને તેમના ભત્રીજા ક્યારેય મુખ્યમંત્રી બની શકશે નહીં. શાહે વચન આપ્યું હતું કે ભાજપ સરકાર બનતા જ ટીએમસીના ભ્રષ્ટાચારની નિવૃત્ત ન્યાયાધીશ દ્વારા તપાસ કરાશે અને મહિલા સુરક્ષા તેમજ સિન્ડિકેટ રાજનો અંત લાવવો એ તેમની પ્રાથમિકતા રહેશે.

# બંગાળ ચૂંટણીમાં હિંસા ઘટી, ભારે મતદાન પરિવર્તનનો સંકેત: પીએમ મોદી

કોલકાતા, તા. ૨૪

પશ્ચિમ બંગાળની ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીના પ્રથમ તબક્કામાં નોંધાયેલા રેકોર્ડબ્રેક મતદાન અને હિંસાની ઘટનાઓમાં ઘટાડાને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના મતદારોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે આ પરિસ્થિતિને લોકશાહી માટે સકારાત્મક સંકેત ગણાવી, મતદાનના ઊંચા ટકા પાછળ પરિવર્તનની ઈચ્છા છુપાયેલી હોવાનું જણાવ્યું છે. નાદિયા જિલ્લાના કૃષ્ણનગર ખાતે યોજાયેલી ચૂંટણી સભામાં સંબોધન કરતા વડાપ્રધાન મોદીએ જણાવ્યું કે છેલ્લા ૫૦ વર્ષના બંગાળના ચૂંટણી ઈતિહાસમાં પહેલીવાર હિંસાની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. તેમણે ચૂંટણી પંચના પ્રયાસોની પ્રશંસા કરતાં કહ્યું કે શાંતિપૂર્ણ મતદાન સુનિશ્ચિત કરવા માટે અપનાવવામાં આવેલી કડક સુરક્ષા વ્યવસ્થા અસરકારક સાબિત થઈ છે. ૨૯૪ સભ્યોની પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં પ્રથમ તબક્કા દરમિયાન ૧૫૨ બેઠકો માટે મતદાન યોજાયું હતું. આ તબક્કામાં આશરે ૯૧.૭૮ ટકા જેટલું નોંધપાત્ર મતદાન થયું, જે રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. વડાપ્રધાનના મત મુજબ, વધુ મતદાનનો અર્થ સામાન્ય રીતે સરકાર બદલવાની દિશામાં જનતા તરફથી સ્પષ્ટ સંકેત તરીકે જોવામાં આવે છે. દક્ષિણ ૨૪ પરગણા જિલ્લાના કાકદ્વીપ ખાતે યોજાયેલી બીજી રેલીમાં મોદીએ આરોપ લગાવ્યો કે રાજ્યમાં લાંબા સમયથી ચાલતી તૃણમૂલ કોંગ્રેસની સરકાર "ભય અને દબાણની રાજનીતિ" પર આધારિત છે. તેમણે કહ્યું કે વધેલા મતદાન દ્વારા લોકો હવે "ભયના શાસન"માંથી "વિશ્વાસના શાસન" તરફ આગળ વધવા માંગે છે.

ઉર્જામંત્રી અને ધારાસભ્ય કૌશિક વેકરીયાના સઘન પ્રયત્નોને કારણે

# અમરેલી શહેરમાં ૧૦ હજારથી વધુ મિલકતો થશે રેગ્યુલાઈઝ

અમરેલી,તા.૨૪

અમરેલી શહેરના ૪૦ સર્વે નંબરમાં આવેલી અંદાજે ૧૦ હજાર જેટલી મિલકતોના ધારકો માટે લાંબા સમયથી ચાલી આવતી સમસ્યાનો અંત આવ્યો છે. અગાઉ અમરેલી નગરપાલિકા દ્વારા અમુક મિલકતોને ઈમ્પેક્ટ ફી રેગ્યુલાઈઝ કરવામાં આવી હતી પરંતુ ટેકનિકલ કારણોસર તે બિન ખેતી એટલે કે એન.એ. થઈ શકી નહોતી. આ જટિલ પ્રશ્નને કારણે મિલકતધારકો પોતાની મિલકત પર બેંક લોન મેળવી શકતા નહોતા અને અનેક કાયદાકીય મુશ્કેલીઓનો સામનો કરી રહ્યા હતા. જોકે રાજ્ય સરકારના ઉર્જા મંત્રી અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયાના સતત અને સઘન પ્રયત્નોને પરિણામે આ



પ્રશ્નનો સુખદ ઉકેલ આવ્યો છે. રાજ્ય સરકારે લોકહિતમાં એક ખાસ કિસ્સા તરીકે આ ૧૦ હજાર મિલકતોને રેગ્યુલાઈઝ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. હવે આ મિલકતો કાયદેસર બનતા મધ્યમ અને ગરીબ વર્ગના પરિવારો પોતાની મિલકત પર આર્થિક સહાય કે લોન સરળતાથી મેળવી શકશે જે સમગ્ર અમરેલી શહેરની આ ૧૦ હજાર મિલકતધારકો માટે ખૂબજ રાહતના સમાચાર છે. રાજય સરકાર દ્વારા ચૂંટણી પ્રક્રિયા પુરી થયે તમામ મિલકતાધારકોની મિલકત રેગ્યુલાઈઝ કરવા માટે પ્રક્રિયા હાથ ધરશે તેમ સુત્રો પાસેથી જાણવા મળ્યું છે. અત્રે નોંધનીય છે કે તત્કાલિન મુખ્યમંત્રી આનંદીબેન પટેલના કાર્યકાળમાં ભાવનગરના કાળીયાબીડ વિસ્તારમાં આ રીતે ખાસ કેસમાં કરવામાં આવ્યુ હતુ.

રાજ્ય સરકારના ઐતિહાસિક નિર્ણયથી હજારો પરિવારોને મળશે કાયદેસરનું રક્ષણ અને લોનની સુવિધા

# રાજયમાં રાજકીય પક્ષો દ્વારા પ્રચાર પડઘમ શાંત, હવે ગુપ્ત મીટીંગો શરૂ

ગાંધીનગર,તા.૨૪

રાજયમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની આગામી ચૂંટણીનો માહોલ હવે ચરમસીમાએ પહોંચ્યો છે. આજે સાંજે છ વાગ્યાથી પ્રચાર પ્રક્રિયા પર સંપૂર્ણ વિરામ મુકાઈ ગયું છે અને તેની સાથે જ ૪૮ કલાક માટે આદર્શ આચારસંહિતાનો ચુસ્ત અમલ શરૂ થયો છે. રાજ્ય ચૂંટણી આયોગના આદેશ મુજબ હવે કોઈપણ પક્ષ કે ઉમેદવાર જાહેર સભા, રેલી કે લાઉડસ્પીકર



દ્વારા પ્રચાર કરી શકશે નહીં. આ સમયગાળાનો મુખ્ય ઉદ્દેશ્ય મતદારોને શાંત અને દબાણમુક્ત વાતાવરણ પૂરું પાડવાનો છે જેથી તેઓ નિર્ભયતાથી મતદાન કરી શકે. પ્રચારના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ મતદારોને રિઝવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. અમદાવાદમાં મુખ્યમંત્રી અને પ્રદેશ પ્રમુખના રોડ શો યોજાયા હતા, જ્યારે મનોજ તિવારી અને હિતુ કનોડિયા જેવા સેલેબ્રિટી નેતાઓએ પણ જનસમર્થન મેળવવા પ્રયાસો કર્યા હતા. હવે તમામની નજર આગામી મતદાન પર છે.

# મહેસાણામાં વિદેશ મોકલવાના બહાને ૬૪લાખનીલૂંટનોભેદઉકેલતીએલસીબી

મહેસાણા,તા.૨૪

મહેસાણા જિલ્લાના વસઈ પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલી ૬૪ લાખ રૂપિયાની લૂંટનો ભેદ મહેસાણા લોકલ ક્રાઈમ બ્રાન્ચે ઝડપથી ઉકેલી લીધો છે. પોલીસે લૂંટમાં વપરાયેલી સ્વિફ્ટ ડીઝાયર કાર અને ૨૪ લાખ રૂપિયા સાથે બે મુખ્ય આરોપીઓને ઝડપી પાડ્યા છે. તપાસમાં ખુલ્યું કે ગેંગનો મુખ્ય સૂત્રધાર નિલેશ બ્રહ્મભટ્ટ મલેશિયામાંથી આખું નેટવર્ક ચલાવતો હતો. એજન્ટો ગુજરાતમાં લોકોને ઓસ્ટ્રેલિયા મોકલવાની લાલચ આપીને પરિવારજનો પાસેથી રોકડ રકમ મંગાવતા અને પછી લૂંટ ચલાવતા. ૧૯ એપ્રિલે મહેસાણાના રાધે ગેસ્ટહાઉસ ખાતે આરોપીઓએ ૬૪ લાખ રૂપિયા લૂંટી લીધા હતા. સીસીટીવી અને ટેકનિકલ સર્વેલન્સના આધારે પોલીસે રાજસ્થાનમાંથી એક આરોપીને ઝડપી પાડ્યો હતો, જ્યારે વડોદરાથી અન્ય એકની ધરપકડ કરવામાં આવી હતી.

# ગિરનાર પર્વત પર જમીન ફાળવણી મુદ્દે વિવાદ, રેલી બાદ કલેક્ટરને ૫૭ માંગણીઓ સાથે આવેદન

જૂનાગઢ,તા.૨૪

જૂનાગઢ ખાતે ગિરનાર પર્વત પર જૈન ધર્મને ફાળવવામાં આવેલી જમીન મુદ્દે વિવાદ ઉગ્ર બન્યો છે. સનાતન ધર્મના અનુયાયીઓ દ્વારા આ ફાળવણીનો વિરોધ કરવામાં આવી રહ્યો છે અને છેલ્લા એક મહિનાથી આ મુદ્દે વિરોધ પ્રદર્શન થઈ રહ્યા છે. ગિરનાર સંરક્ષણ સમિતિના નેતૃત્વ હેઠળ રેલી યોજીને જિલ્લા



કલેક્ટરને ૫૭ મુદ્દાઓ ધરાવતું આવેદનપત્ર સોંપવામાં આવ્યું હતું. આંદોલનકારીઓએ માંગ કરી છે કે ગિરનાર પર જૈન સંસ્થાને ફાળવવામાં આવેલી જમીન પરત લેવામાં આવે તેમજ પ્રાકૃતિક સંપત્તિ અને ધાર્મિક પરંપરાનું સંરક્ષણ થાય. સંત સંમેલનમાં રાજ્યભરના સાધુ-સંતોએ હાજરી આપી હતી. આવેદનમાં ગૌમુખી ગંગા વિસ્તાર, આશ્રમો અને મંદિરોને સુવિધાઓ આપવાની તેમજ સાધુ-સંતોને અવરોધમુક્ત પ્રવેશ સુનિશ્ચિત કરવાની માંગ પણ કરવામાં આવી છે. સમગ્ર મામલે તંત્ર વધુ કાર્યવાહી કરે તેવી માંગ ઉઠી છે.

# સુરતમાં ત્રણ વર્ષની બાળકી પર દુષ્કર્મ આચરનાર નરાધમ ઝડપાયો

સુરત,તા.૨૪

સુરતના સારોલી વિસ્તારમાં માનવતાને શર્મસાર કરતી એક ઘટના પ્રકાશમાં આવી છે જ્યાં ક્રિષ્ના પાર્ક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં રહેતા એક શ્રમિક પરિવારની ત્રણ વર્ષની માસૂમ બાળકી પર પાડોશમાં રહેતા મોજબ્બીર મોહમ્મદ હસામુદીન નામના શખ્સે દુષ્કર્મ આચર્યું હતું. જ્યારે બાળકી ઉપરના રૂમમાં એકલી હતી અને તેની માતા નીચે પતિને બોલાવવા ગઈ હતી ત્યારે આ નરાધમે તકનો લાભ ઉઠાવી બાથરૂમમાં બાળકી પર હુમલો કર્યો હતો. જોકે માતા સમયસર પહોંચી જતાં આરોપી રંગેહાથ ઝડપાઈ ગયો હતો અને રોષે ભરાયેલા લોકોએ તેને મેથીપાક આપ્યો હતો.

હાલ સારોલી પોલીસે આરોપી વિરુધ્ધ બળાત્કાર અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તપાસ શરૂ કરી છે.

# ભાજપના "વિભીષણોનો ચૂંટણી પછી હિસાબ થશે": ડો. ઋત્વજ પટેલે આપી આકરી પ્રતિક્રિયા

વડોદરા,તા.૨૪

વડોદરા જિલ્લાના વાઘોડિયા ખાતે યોજાયેલી જાહેર સભામાં ભાજપના જિલ્લા પ્રભારી ડો. ઋત્વજ પટેલે પક્ષના આંતરિક અસંતોષ પર આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપી હતી. તેમણે જણાવ્યું કે ભાજપના જ કેટલાક "વિભીષણોએ" કોંગ્રેસને ઉમેદવારો આપ્યા છે અને આવા લોકોનો ચૂંટણી બાદ હિસાબ લેવામાં




આવશે. "દુશ્મનને માફ કરી શકાય, પરંતુ ગદ્દારને નહીં," એમ કહી તેમણે પાર્ટીના અંદરના વિરોધીઓને નિશાન બનાવ્યા હતા. આ નિવેદન બાદ ભાજપમાં નારાજગી વધુ ઉગ્ર બની હોવાનું જોવા મળી રહ્યું છે અને પક્ષ દ્વારા ડેમેજ કંટ્રોલના પ્રયાસો થઈ રહ્યા છે. બીજી તરફ, ગીર સોમનાથ જિલ્લાના તાલાલા વિસ્તારમાં ધારાસભ્ય ભગાભાઈ બારડે પણ પોતાના સમર્થકોને ચેતવણી આપી કે પક્ષવિરોધી પ્રવૃત્તિ કરનારાઓને સ્વીકારવામાં નહીં આવે.

# અમરેલી સહિત સમગ્ર રાજયમાં આગ ઓકતી ગરમીથી જનતા ત્રાહીમામ

અમદાવાદ,તા.૨૪

એપ્રિલના અંતમાં ગુજરાતમાં ઉનાળો અત્યંત આકરો બની રહ્યો છે અને સૂર્યદેવ જાણે આગ ઓકી રહ્યા હોય તેવો અનુભવ થઈ રહ્યો છે. ગુરુવારે રાજકોટ ૪૨.૭ ડિગ્રી સાથે રાજ્યનું સૌથી ગરમ શહેર બન્યું હતું જ્યારે અમદાવાદમાં ૪૧.૫ ડિગ્રી તાપમાન હોવા છતાં ભેજને કારણે લોકોને ૪૩ ડિગ્રી જેવી ગરમીનો 'રિયલ ફીલ' અનુભવાયો હતો. હવામાન વિભાગે આગામી ૨૯ એપ્રિલ સુધી સમગ્ર રાજ્યમાં 'યલો એલર્ટ' જાહેર કર્યું



છે કારણ કે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સની અસર ઘટતા પશ્ચિમી સૂકા પવનો ફૂંકાઈ રહ્યા છે. ખાસ કરીને ૨૬મી એપ્રિલે જ્યારે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનું મતદાન થવાનું છે ત્યારે પારો ૪૦ થી ૪૩ ડિગ્રી વચ્ચે રહેવાની શક્યતા હોવાથી મતદારોની કસોટી થશે. બપોરના સમયે રસ્તાઓ પર કર્ફ્યૂ જેવો માહોલ જોવા મળે છે અને લોકો લૂથી બચવા મોઢે રૂમાલ અને ચશ્માનો સહારો લઈ રહ્યા છે. આગામી ત્રણ દિવસમાં હજી પણ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે.

# મોદી દેશને ભ્રમિત કરી રહ્યા છે: કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે કર્યા પ્રહારો

રાજકોટ,તા.૨૪

રાજકોટ મુલાકાતે આવેલા કોંગ્રેસ પ્રભારી મુકુલ વાસનિકે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે સંસદમાં રજૂ થયેલા મહિલા અનામત બિલ અંગે કહ્યું કે આ બિલ વાસ્તવમાં પરિસીમન સાથે જોડાયેલું છે અને સરકાર લોકોની આંખમાં ધૂળ નાખી રહી છે. વાસનિકે આરોપ મૂક્યો કે ભાજપે



મહિલાઓને પૂરતું પ્રતિનિધિત્વ ક્યારેય આપ્યું નથી, જ્યારે કોંગ્રેસે હંમેશા મહિલાઓને પ્રાધાન્ય આપ્યું છે. તેમણે આરએસએસ પર પણ નિશાન સાધતાં જણાવ્યું કે આ સંસ્થામાં મહિલાઓને સ્થાન આપવામાં આવતું નથી. ગુજરાતમાં ચાલી રહેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંગે તેમણે ભાજપ પર દબાણ અને ધમકીના આક્ષેપો કર્યા. વાસનિકે કહ્યું કે ભાજપ લોકતંત્રને નબળું બનાવી રહી છે. આ નિવેદનોને કારણે રાજ્યના રાજકારણમાં ગરમાવો વધી ગયો છે.

# ઉનામાં આપ ઉમેદવારે ફાયરિંગ થયુ હોવાનો ડ્રામા કરતા ધરપકડ

ઉના,તા.૨૪

ગીર સોમનાથ જિલ્લાના ઉનામાં ચૂંટણીનો માહોલ ગરમાયો છે ત્યારે આમ આદમી પાર્ટીના ઉમેદવાર અજય બાંભણિયાએ પોતે કરેલા ફાયરિંગના નાટકનો પોલીસે પર્દાફાશ કર્યો છે. ૨૩ એપ્રિલની રાત્રે અજય બાંભણિયાએ પોલીસ સ્ટેશન પહોંચીને એવો દાવો કર્યો હતો કે ભાવનગર હાઈવે પર તેમની કાર પર અજાણ્યા શખ્સોએ ગોળીબાર કર્યો છે. જોકે જિલ્લા પોલીસવડા જયદિપસિંહ જાડેજાના



જણાવ્યા અનુસાર આ સમગ્ર ઘટના માત્ર એક પૂર્વઆયોજિત નાટક હતું. પોલીસ તપાસ અને FSL રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે કાર પર ફાયરિંગ કરવામાં આવ્યું નહોતું પરંતુ હરીફ ઉમેદવારની છબી ખરડવા અને સહાનુભૂતિ મેળવવા માટે આ પ્રપંચ રચવામાં આવ્યો હતો.તપાસ દરમિયાન અજય બાંભણિયાના કબજામાંથી જીવંત કારતુસ મળી આવ્યા છે જેને પગલે પોલીસે તેમની વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી અટકાયત કરી છે. પોલીસ સ્ટેશનમાં નાટક દરમિયાન અચાનક ઢળી પડેલા અજય બાંભણિયાની હકીકત સામે આવતા હવે કાયદેસરની કાર્યવાહી તેજ કરવામાં આવી છે.






# સુરતમાં ઉદ્યોગપતિ પરિવારની પુત્રવધુનો રહસ્યમય આપઘાતનો મામલો ગૂંચવાયો

સુરત,તા.૨૪

સુરતના ઘોડદોડ રોડ વિસ્તારમાં ઉદ્યોગપતિ પરિવારની પુત્રવધુ ખ્યાતિ કેજરીવાલના આપઘાતથી અનેક પ્રશ્નો ઊભા થયા છે. ઘટના બાદ બે દિવસ વીતી ગયા હોવા છતાં આપઘાતનું ચોક્કસ કારણ સામે આવ્યું નથી. પોલીસે માહિતી આપી છે કે ખ્યાતિનો મોબાઈલ એફએસએલ તપાસ માટે મોકલવામાં આવ્યો છે અને પરિવારજનોના નિવેદનો લેવામાં આવી રહ્યા છે. મંગળવારે બપોરે ખ્યાતિએ પોતાના રૂમમાં આપઘાત કર્યો હતો. દરવાજો અંદરથી બંધ હોવાથી બીજી



ચાવીથી ખોલતા ઘટના સામે આવી હતી. ખાસ વાત એ છે કે આપઘાતના એક દિવસ પહેલાં તેણે પોતાના ભાઈ-બહેન સાથે વીડિયો કોલ પર વાત કરી હતી અને ખુશ દેખાતી હતી. પરિવાર વિદેશ પ્રવાસની તૈયારીમાં હતો ત્યારે આ દુર્ઘટનાએ શોક છવાયો છે. પોલીસે તમામ પાસાઓ પરથી તપાસ શરૂ રાખી છે અને રિપોર્ટ બાદ વધુ વિગતો સ્પષ્ટ થવાની શક્યતા છે.





